શ્રીજીસંકલ્પમૂર્તિ જીવનપ્રાણ

# અબજીબાપાશ્રી

સંક્ષિપ્ત





પૂર્ણ પુરુષોત્તમ
ભગવાન સ્વામિનારાયણ



જીવનપ્રાણ
અબજીબાપાશ્રી

## શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

સત્ય, અહિંસા, પ્રામાણિક્તા, કૌટુંબિક એકતા આદિ સામાન્ય આચરણથી લઈને આધ્યાત્મિક દિવ્ય આચરણોનું સિંચન કરવું તેમજ સનાતન ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની આધ્યાત્મિક અલૌકિક સ્થિતિનો આસ્વાદ માણતા એક દિવ્ય સમાજની રચના કરી શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ તૈયાર કરવો એ જ એકમાત્ર આ આધ્યાત્મિક સ્વામિનારાયણ સંસ્થાનું લક્ષ્ય છે.

દેશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આધ્યાત્મિકતાની નવી ચેતના પ્રગટાવી જીવનપરિવર્તનના મહામૂલા કાર્યમાં આ SMVS સંસ્થા સતત પ્રવૃત્ત રહે છે. સંસ્થાના ૯૭ જેટલા સંતો-પાર્ષદો તથા ૮૩ જેટલાં ત્યાગી મહિલામુક્તો, ૧૦,૦૦૦થી પણ વધુ કાર્યકરો અને સ્વયંસેવકો સંસ્થા દ્વારા ચાલતાં સેંકડો બાળ-બાલિકા મંડળો, યુવા-યુવતી મંડળો તથા પુરુષ-મહિલાનાં સંયુક્ત મંડળોમાં જીવનપરિવર્તનની દિવ્ય પ્રેરણા આપી પોતાના જીવનની સાફલ્યતાને અનુભવી રહ્યા છે. અવનવાં આધ્યાત્મિક અભિયાનો દ્વારા જન જન સુધી પહોંચી અજ્ઞાન ને દુઃખરૂપી તિમિરને દૂર કરી જ્ઞાન ને સુખરૂપી પ્રકાશ પાથરી રહ્યાં છે.

ભારત, યુ.કે., અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ, કુવૈત, દુબઈ, કેન્યા, યુગાન્ડા, બહેરીન આદિ અગિયાર કરતાં વધુ દેશોમાં આધ્યાત્મિક સેવાઓનાં સોપાન સર કરવાની સાથે સર્વજનહિતાવહ એવાં સામાજિક સેવાકાર્યોમાં પણ આ સંસ્થા ભાગીરથી બની રહી છે. શિક્ષણ, સંસ્કાર અને સત્સંગનો ત્રિવેણી સંગમ ખડો કરી, ગુરુકુલ જેવા પરિસરો બાંધી અનેક તરુણોના જીવનને ઘાટ આપવાનું સેવાકાર્ય તો વળી જરૂરિયાતમંદોને શૈક્ષણિક તેમજ તબીબી સહાયની સેવાથી માંડી વસ્ત્રદાન, રોગનિદાન કૅમ્પ, રક્તદાન કૅમ્પ જેવી અનેક સેવાઓ તેમજ તબીબી સેવામાં વિશેષ રૂપે મેડિકલ સેન્ટરો તથા SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ આદિ સેવાઓ પણ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ભૂકંપની હોનારત હોય કે પછી પૂરની તારાજી હોય પરંતુ જનહિતાવહ કાજે રાહતકાર્યની સેવામાં આ સંસ્થા સર્વત્ર ખડે પગે હાજર રહે છે.

સંસ્થાની આવી મહામૂલી આધ્યાત્મિક, સામાજિક તેમજ સર્વજનહિતાવહ સેવા-પરિચર્યાનાં અજવાળાં સર્વત્ર જનમાનસમાં ફેલાયાં છે. દેશ અને સમાજના જન જન પ્રત્યે આ સંસ્થા પોતાનાં સેવાકાર્યો અને આધ્યાત્મિક મૂલ્યોની સુવાસ પ્રસરાવવામાં સદાય અગ્રેસર રહી છે ને રહેશે.



### શ્રીજીસંકલ્પમૂર્તિ જીવનપ્રાણ

# અબજીબાપાશ્રી

## સંક્ષિપ્ત


**લેખનકાર્ય**

સાહિત્ય લેખન વિભાગ



**પ્રકાશક**

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ

સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર - ૩૮૨૦૦૭



શ્રીજીસંકલ્પમૂર્તિ જીવનપ્રાણ

# અબજીબાપાશ્રી

## સંક્ષિપ્ત


| | |
|---|---|
| રજૂકર્તા | શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS) |
| સંસ્થાપક | પ.પૂ. અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ. બાપજી) |
| પ્રેરણા | પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી) |
| પ્રકાશક | સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ, સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર–૩૮૨૦૦૭ |
| આવૃત્તિ | દ્વિતીય, ઓક્ટોબર – ૨૦૧૯ |
| પ્રત | ૨૫,૦૦૦ નંગ **કુલ પ્રત : ૩૧,૦૦૦ નંગ** |
| મૂલ્ય | ૦૦/- |
| સેવા મૂલ્ય | ૦૦/- |

(સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટના અનુદાનથી સેવા મૂલ્ય)

## પ્રસ્તાવના

સંવત ૧૮૩૭માં સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વીને વિષે ભારતની ધન્ય ધરા ઉપર પ્રગટ થયા ત્યારથી તેઓના સંકલ્પો ખૂબ જ ભવ્ય ને પ્રચંડ હતા. પરંતુ સંપ્રદાય નવો હતો, સમાજ નવા આદરવાળો હતો તથા શુદ્ધ અજોડ ઉપાસનાના અભાવે પોતાના સંકલ્પો પૂર્ણ ન થયા. તેથી તેઓએ પોતાના મહાસમર્થ અનાદિમહામુક્ત શ્રીજીસંકલ્પમૂર્તિ અબજીબાપાશ્રી દ્વારા પોતાના સંકલ્પોને પૂર્ણ કરવા ઉપાસનાની શુદ્ધતા અને સંપ્રદાયમાં પરોક્ષભાવની ગેરસમજ કાઢી પ્રત્યક્ષભાવની સમજણ કરાવી નૂતન ક્રાંતિ લાવવાનો સંકલ્પ કર્યો.

શ્રીજીસંકલ્પ અનુસાર જીવનપ્રાણ બાપાશ્રીનું પ્રાગટ્ય થયું. શ્રીજીમહારાજના સંકલ્પે ત્યાગી અને ગૃહસ્થ બંને વર્ગને સુખ આપવા માટે બાપાશ્રીએ અવરભાવમાં ગૃહસ્થાશ્રમમાં દર્શન આપ્યાં એવું જણાયું. પરંતુ તેઓ તો સંપૂર્ણ પરભાવનું જ સ્વરૂપ હતા. તેઓ તો નિરંતર મૂર્તિમાં જ રહેતા હતા. એટલે જ તેઓ કહેતા કે, ‘‘અમે કોઈના બાપ નથી કે કોઈનાં સગાં નથી. અમે તો મહાપ્રભુના લાડીલા અનાદિમુક્ત છીએ અને નિરંતર મૂર્તિમાં રહીએ છીએ.’’

આવા મહાપ્રતાપી જીવનપ્રાણ અબજીબાપાશ્રીનું સંપૂર્ણ જીવન દિવ્ય કલ્યાણકારી ગુણોથી ઝળહળતું હતું. તેમના અવરભાવના જીવનનું દર્શન તથા તેમનામાં કેવા કલ્યાણકારી ગુણો હતા આદિ ઘણી બધી મહત્ત્વની વિગતોને આ પુસ્તિકામાં સંક્ષિપ્ત રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કરેલ છે. અપેક્ષા છે કે આ પુસ્તિકા મુમુક્ષુમાત્રને બાપાશ્રીને વિષે મહિમાસભર બનવામાં દીવાદાંડીરૂપ બની રહેશે...

– સાહિત્ય લેખન વિભાગ

# અનુક્રમણિકા


**પ્રાગટ્યગાથા..........................................૦૫**

**મુક્તરાજનું પ્રાગટ્ય....................................૦૭**

**મુક્તરાજની નામકરણ વિધિ..............................૧૦**

**બાપાશ્રીની બાળલીલા....................................૧૧**

**સમાધિવાળા અબજીભાઈ..................................૧૪**

**રહસ્યાર્થ વચનામૃત ગ્રંથની રચના તથા આશીર્વાદ..........૧૬**

**નળકંઠામાં દિવ્ય વિચરણ તથા આશીર્વાદ..................૧૯**

**સિદ્ધોનાય સિદ્ધ બાપાશ્રી...................................૨૧**

**દિવ્ય કલ્યાણકારી ગુણો....................................૨૩**

૧. શ્રીજીમહારાજ સાથે એકતા.................................૨૩

૨. અંતર્યામીપણું..............................................૨૪

૩. અગાઉથી ધામમાં લઈ જવાની અવધિ જણાવી
શ્રીજીમહારાજ સાથે તેડવા આવવું...........................૨૫

૪. શ્રીજીમહારાજ પાસે ધામમાં લઈ જતા રખાવ્યા હોય................૨૭

૫. કોઈને બદલે કોઈને ધામમાં લઈ ગયા હોય.....................૨૮

૬. અનહદ કૃપાના ધોધ વહાવ્યા...................................૨૯

૭. ભૂત-પ્રેતાદિકને પણ તાર્યાં.....................................૩૨

૮. અતિ દયાળુ સ્વભાવ............................................૩૪

૯. સંકલ્પ સિદ્ધ કરે................................................૩૫

૧૦. વચનસિદ્ધિપણું................................................૩૭

૧૧. ભક્તોની રક્ષામાં સદાય પ્રગટ....................................૩૮

૧૨. સ્વભાવ બદલાવ્યા..............................................૪૦

૧૩. સહજમાં મૂર્તિ આપી દે..........................................૪૧

૧૪. બાપાશ્રીએ સમજાવેલા દ્વંદ્વ......................................૪૪

# પ્રાગટ્યગાથા

સંવત ૧૮૩૭ ચૈત્ર સુદ નોમને રોજ રાત્રે નવ વાગ્યે સર્વોપરી, સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે આ બ્રહ્માંડને વિષે મનુષ્યને મનુષ્ય જેવાં દર્શનદાન આપ્યાં. પૂર્વે થઈ ગયેલા અનંત અવતારો તથા અવતારોના ભક્તોને પોતાના સ્વરૂપની સર્વોપરી ઉપાસના સમજાવી, પોતાના સર્વોપરી અક્ષરધામની પ્રાપ્તિ કરાવવા તથા અનંત ઋષિમુનિઓ અને જન્માંતરોથી તપશ્ચર્યા કરતા ભક્તોને તેનું ફળ પ્રદાન કરવા ભગવાન સ્વામિનારાયણે આ બ્રહ્માંડને વિષે અવિરત વિચરણ કર્યું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે તથા તેમના મુક્તોએ અનંત જીવોના આત્યંતિક કલ્યાણ કરવાને અર્થે મોટા મોટા સમૈયા, ઉત્સવો, યજ્ઞો કર્યા પરંતુ નવા આદરવાળા જીવો સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપને જેમ છે તેમ સર્વોપરી ઓળખી શક્યા નહીં. જેથી સ્વામિનારાયણ ભગવાને આ બ્રહ્માંડને વિષે સૌને સુખિયા કરવાના પોતાના ભવ્ય સંકલ્પને ટૂંકાવી દીધો હોય ને શું ! તેમ ગઢપુરની ભૂમિ ઉપર સંવત ૧૮૮૫માં અંતિમ મંદવાડ ગ્રહણ કર્યો.

દેશોદેશમાં થતું અવિરત વિચરણ સાવ અટકાવી દીધું. પરિણામ સ્વરૂપે સમગ્ર સત્સંગ સમાજમાં આનંદનો દુષ્કાળ વ્યાપી ગયો. ભગવાન સ્વામિનારાયણની આ અલૌકિક લીલાથી ચિંતિત થયેલા સેંકડો સંતો તથા હજારો હરિભક્તો દુઃખી વદને, ગઢપુર પોતાના પ્રાણેશ્વર એવા શ્રીહરિનાં દર્શન કરવા આવવા લાગ્યા.

એમાં એક સમયે કચ્છના પ્રેમી હરિભક્તો જેવા કે ભૂજનાં મુક્તરાજ સૂરજબા, રાયધણજી, હીરજીભાઈ, સુંદરજીભાઈ સુથાર, ગંગારામ મલ્લ તથા વૃષપુરના રત્ના ભગત વગેરે ભક્તો પણ મહાપ્રભુના મંદવાડના સમાચાર સાંભળી ગઢપુર પધાર્યા. મહાપ્રભુની મંદવાડ લીલાનાં દર્શનથી સૌ હરિભક્તોના નેત્રોમાંથી પ્રેમભર્યા આંસુઓની ધારા વહેવા લાગી. મહાપ્રભુનાં દર્શન, સેવા અને સમાગમનો લાભ લેવા સૌ ભક્તો પાંચ-સાત દિવસ ત્યાં રહ્યા. પરંતુ જ્યારે કચ્છના આ પ્રેમીભક્તોને કચ્છ પરત ફરવાનું થયું ત્યારે સૌ અક્ષરઓરડીમાં મહાપ્રભુ પાસે ગયા અને ગદ્ગદ

કંઠે મહાપ્રભુને પ્રાર્થના કરી, “હે મહારાજ ! આપે સંવત ૧૮૬૧થી ૧૮૬૮ સુધી એમ સાત સાત વર્ષ કચ્છમાં ખૂબ વિચરણ કર્યું છે. અમને સૌને આપે ખૂબ સુખ આપ્યાં છે. પણ હે નાથ ! અમારો એવો કયો વાંક-ગુનો છે કે આપે ત્યારપછી છેલ્લા અઢાર અઢાર વર્ષથી અમારી સંભાળ નથી લીધી ? હે દયાળુ ! કચ્છના સર્વે ભક્તો આપનાં દર્શન-સમાગમ અર્થે ખૂબ આતુર છે; માટે હે દયાળુ ! આપ કચ્છમાં ફરી પધારો અને અમને સૌને સુખિયા કરો... વ્હાલા, સુખિયા કરો...” એમ ખૂબ ભાવભરી વિનંતી-પ્રાર્થના કરી.

ત્યારે મહાપ્રભુ બોલ્યા જે, “હે કચ્છના પ્રેમીભક્તો ! તમો સૌ અમને ખૂબ વ્હાલા છો. તમે અમને સેવા-સમાગમથી ખૂબ રાજી કર્યા છે પણ અમે આ ફેરે મંદવાડ ગ્રહણ કર્યો છે. હવે જલદી જલદી અમે આ અમારો દેખાતો મનુષ્યભાવ અદૃશ્ય કરીશું. માટે હવે અમારાથી કચ્છમાં અવાશે નહીં.”

મહાપ્રભુનાં આવાં દુખદ વચનો સાંભળતાં જ કચ્છના સર્વે પ્રેમીભક્તો અતિ ઉદાસ થઈ કલ્પાંત કરવા લાગ્યા. ત્યારે ‘અતિ દયાળુ રે સ્વભાવ છે સ્વામીનો’ એવા મહાપ્રભુ કરુણા કરીને બોલ્યા જે, “હે વ્હાલા ભક્તો ! અમે તો કચ્છમાં નહિ આવીએ પરંતુ અમારા જેવા જ અમારા સંકલ્પ સ્વરૂપ અનાદિમુક્ત કચ્છમાં પ્રગટ થશે અને તમને સૌને લાડ લડાવી સુખિયા કરશે તથા તમારા મનોરથ પૂર્ણ કરશે.”

મહાપ્રભુના આ દિવ્ય આશીર્વાદ સાંભળતાં જ અતિ ઉતાવળા થઈ વૃષપુર (બળદિયા) ગામના કણબી એવા રત્ના ભગતે પૂછ્યું, “હેં...હેં... મહારાજ ! આ તમારા જેવા જ તમારા અનાદિમુક્ત કયા ગામમાં પ્રગટ થશે ?” ત્યારે અતિ દયાળુ મહાપ્રભુએ આશીર્વાદ આપ્યા કે, “જા, તારા જ ગામમાં પ્રગટ થશે... બસ ?” આમ, સૌને હિંમત, બળ અને આશીર્વાદ આપી કચ્છના આ પ્રેમીભક્તોને મહારાજે ગઢપુરથી વિદાય આપી અને પોતે સંવત ૧૮૮૬ના જેઠ સુદ દશમના રોજ માત્ર ૪૯ વર્ષ, ૨ માસ ને ૧ દિવસના ટૂંકા સમય માટે દર્શન આપી પોતાનો મનુષ્યોને દેખાતો મનુષ્યભાવ અદૃશ્ય કર્યો. ભગવાન સ્વામિનારાયણના આ અનાદિમુક્ત પ્રગટ થવાના દિવ્ય આશીર્વાદ એટલે જ જીવનપ્રાણ અબજીબાપાશ્રીનું પ્રાગટ્ય.

# મુક્તરાજનું પ્રાગટ્ય

કચ્છ દેશના ભૂજ શહેરથી ૧૭-૧૮ કિ.મી. દૂર મુન્દ્રા રોડ ઉપર બળદિયા ગામ આવેલું છે. જેને લોકો વૃષપુર નામથી પણ ઓળખતા. આ ગામમાં કણબી પટેલોનો મુખ્ય સત્સંગ. શ્રીજીમહારાજ પણ અનેક વખત પોતાના કચ્છ વિચરણ દરમ્યાન આ ગામમાં પધારતા અને ગામની સમીપમાં આવેલા કાળી તલાવડી (કૃષ્ણ સરોવર) નામના તળાવમાં સ્નાન કરી તળાવના કાંઠે બિરાજતા. વળી, ક્યારેક સભા ભરી ગ્રામજનોને કથાવાર્તાનું સુખ પણ આપતા.

આ ગામમાં વેકરિયા પટેલ જ્ઞાતિના નાથાભાઈ નામના ભક્ત રહેતા હતા. તેમને ગંગદાસ, રૂડાભાઈ અને તેજાભાઈ એમ ત્રણ પુત્રો હતા. તેમાં રૂડાભાઈને પ્રેમજીભાઈ તથા પાંચાભાઈ એમ બે પુત્રો હતા. જેમાં પાંચાભાઈ તથા તેમનાં ધર્મપત્ની દેવબા શ્રીજીમહારાજની અનન્ય ભક્તિ કરતાં.

તેમનો વ્યવહાર ઘણો દુર્બળ હતો. છતાં મહાપ્રભુની નિષ્ઠા ખૂબ સબળ હતી. જેથી વ્યવહારના દુઃખોને મહાપ્રભુની પ્રસાદી સમજી સહન કર્યાં કરતાં. પરંતુ ચાર દીકરીઓ જન્મ્યા પછી પણ પુત્રપ્રાપ્તિ ન થતાં એમને એક ગૃહસ્થાશ્રમી તરીકે સહેજે એ વાતનો રંજ રહેતો.

આ પતિવ્રતા બાઈ દેવબા નિત્ય બ્રાહ્મમુહૂર્તમાં વહેલાં ઊઠી પ્રસાદીના કૃષ્ણ સરોવરમાં સ્નાન કરવા જતાં. ત્યાં મહારાજની સ્મૃતિએ સહિત સ્નાન કરતાં. તો વળી, ક્યારેક પ્રસાદીના પથ્થર પર બેસી ધ્યાન-માળા પણ કરતાં. આ ઉપરાંત, ચાંદ્રાયણ વ્રત, ધારણાં-પારણાં, એકટાણાં આદિ તપથી પણ મહાપ્રભુને રીઝવતાં.

સંવત ૧૯૦૦ના પોષ સુદિ ત્રીજ ને ગુરુવારે મુક્ત સમાં દેવબા અન્ય સ્ત્રીઓ સાથે નિત્યક્રમ મુજબ કાળી તલાવડીએ સ્નાન કરવા પધાર્યાં. વહેલા વહેલા મહાપ્રભુની અખંડ સ્મૃતિ સહિત સ્નાનાદિક ક્રિયા પતાવી દેવબા ધ્યાન કરવા બેઠાં. ધ્યાન કરવા બેઠાં કે તુરત જ તેજ... તેજ... તેજ... અપરંપાર એવા તેજના બંબ ઊઠ્યા, ચોમેર પ્રકાશ વ્યાપી ગયો અને વાતાવરણમાં મીઠી અનેરી સુગંધ પ્રસરી ગઈ. આ બધું થતાં દેવબા ચમક્યાં. જ્યાં એમણે આંખ ખોલી ત્યાં તો

દિવ્ય તેજના સમૂહમાં પોતાના પ્રિયતમ એવા અતિ રૂપાળા કિશોર અવસ્થામાં અભયવર આપતા ઘનશ્યામ પ્રભુને જોયા.

“અહોહો ! આ શું ! મહારાજ... મહારાજ..! આપ આવા રૂપાળા છો ! આટલું બધું તેજ... અહોહો... મારા નાથ ! મારી ઉપર આપે અઢળક કૃપા કરી...!!!” એમ બોલતાં બોલતાં દેવબા ઊભાં થઈ મહાપ્રભુના ચરણમાં પડ્યાં. મહાપ્રભુએ રાજી થઈ કહ્યું, “દેવબા ! અમે તમારી પતિવ્રતાની ભક્તિ અને અનન્ય નિષ્ઠા જોઈ ખૂબ પ્રસન્ન થયા છીએ. માટે અમારી પાસે કંઈક વર માગો. અમે તમારો ઈચ્છિત મનોરથ જરૂર પૂરો કરીશું.” એમ કહી મહાપ્રભુએ ચરણોમાં નમેલા દેવબાને ઊભાં કર્યાં.

મહાપ્રભુનાં આવાં અલૌકિક દર્શન થતાં હસ્ત જોડી ઘેલા બનેલાં દેવબા ગદ્ગદ બની ગયાં. શું બોલવું ? શું માગવું ? એવો કાંઈ વિચાર તેઓને સૂઝતો નહોતો. તેમ છતાં મહારાજની જ ઈચ્છાથી દેવબા બોલ્યાં, **“મહારાજ ! દયાળુ ! મારી પર તમે અપાર કૃપા કરી મને કૃતાર્થ કરી છે. તો હે નાથ ! હે સ્વામિન્ ! તમે જો વર આપવા માગતા હોય તો મને તમારા જેવો જ રૂપ, ગુણ અને ઐશ્વર્યયુક્ત એક પુત્ર આપો. મહારાજ ! મારા પ્રાણઆધાર ! મને આપના જેવો જ એક પુત્ર આપો.”** આમ કહેતાં દેવબાની આંખમાંથી હર્ષાશ્રુની ધારાઓ વહી રહી.

દેવબાની પ્રાર્થના સાંભળી મહાપ્રભુ મંદ મંદ હસ્યા અને બોલ્યા જે, “હે દેવબા ! અમારા જેવા તો અમે એક જ છીએ પણ તમે અમારા જેવો જ પુત્ર માગ્યો છે તો જાવ, **અમારા જેવા જ અમારા અનાદિમુક્ત તમારે ત્યાં પુત્ર રૂપે પ્રગટ થશે.** જેઓ અમારી સર્વોપરી ઉપાસના પ્રવર્તાવશે તથા અનંતને અનાદિમુક્તની સ્થિતિ કરાવી તેનું પ્રવર્તન કરશે અને વચનામૃતના અમારા ગૂઢ રહસ્યોને જેમ છે તેમ ખુલ્લાં કરશે. અબજોને મૂર્તિમાં રમાડીને ઉદ્ધાર કરશે અને અમારા સંકલ્પથી જ વિચરશે. જેથી અમારા જેમ એ પણ સૌના મનોરથ પૂરા કરશે.” આટલું વરદાન આપી મહાપ્રભુ તુરત જ અદૃશ્ય થઈ ગયા.

મહાપ્રભુના આપેલા વરદાનથી દેવબાના હરખનો કોઈ પાર નહોતો. દેવબાને દેહભાવ ભુલાઈ ગયો. તેઓ પ્રેમવિભોર બન્યાં. આવા આનંદમાં ગરકાવ થયાં

થકા કાળી તલાવડીથી ઘર તરફ જવા નીકળ્યાં. વળી, ત્યાં તો આખાયે રસ્તે બંને બાજુ દિવ્ય મુક્તોની હાર થયેલી જણાઈ. સૌ મુક્તોનાં તેજોમય દર્શન થતાં હતાં અને વળી એમ બોલતા હતા જે, “હે દેવબા ! તમારે ત્યાં શ્રીજીમહારાજ જેવા જ અનાદિમુક્ત પ્રગટ થશે !” આમ સૌ મુક્તોના આનંદોચ્ચારને ઝીલતાં ઝીલતાં દેવબા ઘરે પહોંચ્યાં.

ઘરે પહોંચતાંની સાથે જ પોતાના પતિ એવા પાંચાભાઈને બનેલી બધી વાત કરી. મહાપ્રભુના આવા અલૌકિક ચરિત્રનું શ્રવણ કરી પાંચાભાઈને પણ ઘણો આનંદ થયો. આમ પતિ-પત્ની બંને અને ચારેય દીકરીઓ મહાપ્રભુએ આપેલા વરદાનથી ખૂબ આનંદમાં દિવસો પસાર કરી રહ્યાં હતાં ત્યારે એ શુભ મંગલ દિન આવી ગયો – મહાપ્રભુના આપેલા વરદાનને પૂર્ણ થવાનો.

સંવત ૧૯૦૧ના કારતક સુદ એકાદશી (પ્રબોધિની એકાદશી) ને સોમવાર. તા. ૨૦મી નવેમ્બર, ૧૮૪૪.

રાત્રિના ૯ વાગ્યાના સમયે દેવબા થકી મહાપ્રભુએ આપેલા આશીર્વાદ મુજબ અનાદિમુક્તનું પ્રાગટ્ય થયું. એ જ સમયે માતા દેવબાને અતિ શ્વેત અને શીતળ એવો તેજનો સમૂહ દેખાયો અને તે તેજમાં દિવ્ય દ્વિભુજ અને મૂર્તિમાન એવા ઘનશ્યામ પ્રભુનાં દર્શન થયાં. જ્યાં દેવબા બે હાથ જોડી મહાપ્રભુને સ્તુતિ કરવાનું કરતાં હતાં ત્યાં તો શ્રીજીમહારાજ અદૃશ્ય થઈ ગયા.

દેવબાએ બાળ સ્વરૂપ મુક્તરાજને પોતાની ગોદમાં કિલકિલાટ કરતા જોયા. જેમ સૂર્ય પ્રગટ થવાથી ચોમેર ઉજાસ પથરાઈ જાય તેમ આ મુક્તરાજના પ્રગટ થતાંની સાથે જ ઘરનું અને ગામનું વાતાવરણ દિવ્ય બની ગયું. સગાંસંબંધી અને સૌ ગામજનોને આ સમાચાર ન જાણ્યા હોય તોય બસ અકારણ જ અંતરમાં અનહદ શાંતિ અને સુખનો અનુભવ થવા લાગ્યો. વળી, પાંચાભાઈના મકાન ઉપર અંતરીક્ષમાંથી અનંત મુક્તોએ ચંદન અને પુષ્પની વૃષ્ટિ કરી. આ બધું અલૌકિક દૃશ્ય જોતાં શ્રીજીમહારાજે આપેલું વરદાન સાકાર થયું હોય એમ માતાપિતાને લાગ્યું. તેથી તેમના આનંદનો પાર ન હતો. આમ, શ્રીહરિના સંકલ્પ અનુસાર શ્રીજીસંકલ્પમૂર્તિ મુક્તરાજનું(અબજીબાપાશ્રીનું) પ્રાગટ્ય થયું.

# મુક્તરાજની નામકરણ વિધિ

મુક્તરાજે તો પ્રાગટ્યથી જ પરચા-ચમત્કારોની પરંપરા ચાલુ કરી દીધી હતી. પ્રાગટ્ય પછી તો મુક્તરાજ આઠ-દસ-પંદર દિવસ સુધી તો ક્યારેક એક એક માસ સુધી પણ સ્તનપાન કરતા નહિ અને ક્યારેક તો સમાધિમાં ઊંડા ઊતરી જતા. તેમ છતાં શરીરે તો એવા ને એવા હૃષ્ટપુષ્ટ જ જણાતા.

આ મુક્તરાજનાં સર્વે અંગ ભરાવદાર હતાં. વળી, તેઓ દેખાવમાં ભીનેવાન, કોમળ અને મોહક હતા. રમાડનાર ને જોનારના મન-ચિત્તને હરી લેતા. વળી મુક્તરાજના મુખ ઉપર આઠે પહોર હાસ્ય જ વહ્યા કરતું હતું. જેથી માતાપિતા તથા સગાંસંબંધીજનો સર્વે તેમને જોઈને રાજી થતાં. વળી કોઈ તેડવા આવે તો ક્યારેક એટલું બધું વજન વધારી દેતા કે તેડનાર આ મુક્તરાજને ઊંચા કરવાની હિંમત સુધ્ધાં ન કરી શકતા અને એ જ સમયે બીજી વ્યક્તિ પાસે સાવ હળવાફૂલ જેવા થઈ જતા. આમ મુક્તરાજ બાળ ચંદ્રની પેઠે વૃદ્ધિ પામવા લાગ્યા.

એમ કરતાં કરતાં બાળ સ્વરૂપ મુક્તરાજ ત્રણ માસ ને અગિયાર દિવસના થયા. એ સમયે બળદિયા ગામના મંદિરમાં ભૂજ શહેરથી સમર્થ અનાદિમુક્ત સદ્‌ગુરુ શ્રી અચ્યુતદાસજી સ્વામી કે જેઓ ભૂજ મંદિરના મહંત હતા તેઓશ્રી વૃષપુર પધાર્યા હતા.

આ સમર્થ સદ્‌ગુરુશ્રી મોટા સંતોની કૃપાથી નિરાવરણ દૃષ્ટિને પામ્યા હતા અને શ્રીજીમહારાજની મૂર્તિને અખંડ દેખતા હતા. આવા સમર્થ સદ્‌ગુરુ પાસે પાંચાભાઈ પોતાના બાળ મુક્તરાજને વર્તમાન ધારણ કરાવવા અને નામકરણ વિધિ કરાવવા લાવ્યા.

સદ્‌ગુરુશ્રીએ બાળમુક્તની મુખમુદ્રા સામે જોયું અને તેઓ તો આભા જ બની ગયા, આશ્ચર્યચકિત થઈ ગયા. એમના મુખ પર અનેરા આનંદની રેખાઓ પ્રસરી ગઈ અને બોલી ઊઠ્યા, “હે પાંચાભાઈ ! આ તમારા પુત્રને વર્તમાન ધરાવવા અને નામ પાડવા હું કોણ સમર્થ ? આ તમારા પુત્ર બહુ મોટા અને બહુ સમર્થ છે. તેઓ તો શ્રીજીમહારાજના સંકલ્પથી અનેકને મહારાજના સ્વરૂપનું સર્વોપરી જ્ઞાન

સમજાવવા અને અનેકને સર્વોપરી એવી અનાદિમુક્તની સ્થિતિ કરાવવા પ્રગટ થયા છે. જેમ નદીઓ સમુદ્રમાં ભળી વિરામ પામે છે તેમ હે પાંચાભાઈ ! સંપ્રદાયના મોટા મોટા હજારો સંતો અને લક્ષાવધિ હરિભક્તો આ તમારા પુત્ર પાસે આવી મૂર્તિના સુખને પામશે. આ મુક્તરાજને શ્રીજીમહારાજ વશ છે. વળી હે પાંચાભાઈ ! આ અનાદિમુક્તના સર્વે ગુણને જાણી શકવા કે મહિમાને વર્ણવવા હું સમર્થ નથી. જે કોઈ આ મુક્તરાજને ઓળખશે, તેમનો ગુણ ગ્રહણ કરશે, દર્શન કરશે, તેમની સેવા કરશે અને તેમની દૃષ્ટિ કે રાજીપામાં આવશે તે સર્વે જરૂર માયાના ભાવથી મુક્ત થઈ આત્યંતિક કલ્યાણને પામશે. વળી **હે પાંચાભાઈ ! તમારા આ પુત્ર અબજોને મૂર્તિમાં રમાડશે માટે એમનું નામ અબજીભાઈ પાડો.”**

આમ કહી સદ્‌ગુરુશ્રીએ મુક્તરાજના જમણા હસ્તમાં જળ મૂકી વર્તમાન ધરાવ્યા અને પોતા ઉપર મહાપ્રભુની અઢળક મહેર થઈ એમ સમજી મુક્તરાજના કંઠમાં તુલસીની બેવડી કંઠી ધારણ કરાવી કૃતાર્થતા અનુભવી.

આમ, આવા સમર્થ સદ્‌ગુરુશ્રી વડે બાળપણથી જ આ મુક્તરાજ પ્રસિદ્ધ થતા રહ્યા.

## બાપાશ્રીની બાળલીલા

બાળપણથી જ મુક્તરાજ અબજીબાઈ નવી નવી લીલાઓ કરતા. આ મુક્તરાજ સૌને ઐશ્વર્ય-પરચા-ચમત્કાર જણાવતા. અબજીભાઈની આવી અલૌકિક ચેષ્ટા જોઈ સૌના માનસપટ પર સહેજે એવો વિચાર આવી જતો કે, ‘આ બાળમુક્ત કોઈ સામાન્ય બાળક નથી પરંતુ બહુ સમર્થ અને મોટા મુક્ત છે.’

અબજીભાઈ તો બાળપણથી જ એક એક કે બે બે માસ સુધી ઘણી વાર અન્ન-જળ કે દૂધ-દહીં લીધા વિના અખંડ મૂર્તિમાં જોડાઈ રહેતા. વળી ભાંખોડિયાં ભરતાં શીખ્યા પછી પણ દોડતાં દોડતાં ઘરમાં જ્યાં ઠાકોરજીનું સિંહાસન કે ઘરમંદિર હોય ત્યાં પહોંચી જતા અને આંગળી ચીંધી સહુને મહારાજની મૂર્તિ બતાવતા.

વળી, બાળસખાઓને પોતાની સાથે ધ્યાન કરવા બેસાડતા ત્યારે બીજા બાળસખાઓ થોડી વાર આંખો મીંચી રાખતા અને પાછા આંખો ખોલી રમવા

લાગતા. જ્યારે આ મુક્તરાજ અબજીભાઈ તો ધ્યાન કરવા આંખો મીંચતાંની સાથે જ મૂર્તિના સુખમાં ઊંડા ઊતરી જતા. બાળસખાઓ તેમને જગાડવા ઘણા પ્રયત્ન કરતા. પરંતુ અબજીભાઈ ધ્યાનમાંથી જાગ્રત ન થતા. એટલે બાળકો થાકીને પાછાં રમવા લાગતાં. થોડી વારે અબજીભાઈ જાગે એટલે સૌ બાળસખાઓને બેસાડી મહાપ્રભુની દિવ્ય મૂર્તિનું તથા સુખનું વર્ણન કરતા. પરંતુ બાળસખાઓ મુક્તરાજની અલૌકિક સ્થિતિને સમજી શકતા નહીં.

ક્યારેક સખાઓ સાથે આ મુક્તરાજ કાળી તલાવડીએ સ્નાન કરવા જતા તો ડૂબકી મારી કોણ વધુ સમય જળમાં રહે છે તેવી રમત રમતા. બીજા સખાઓ કોઈ બે-ત્રણ કે ચાર મિનિટ પાણીમાં રહી બહાર નીકળી જતા. જ્યારે આ મુક્તરાજ એક-બે કલાક પાણીમાં બેસી રહેતા. બધા મિત્રો મુક્તરાજને ખૂબ શોધતા, સ્તુતિ કરતા, ચિંતા કરતા અને રડી પડતા. ત્યારે મુક્તરાજ બહાર આવી બધાને ધીરજ આપતા અને કહેતા, ‘‘અમે તો ઠેઠ અક્ષરધામમાં જઈ મહારાજની મૂર્તિમાં થીજી ગયા હતા. પછી તમે પ્રાર્થના કરી એટલે મહારાજની ઇચ્છાથી અમે અહીં પાછા આવ્યા.’’ આમ મુક્તરાજ દરેક રમતમાં કંઈક ને કંઈક ચરિત્ર કરી સૌને હેરત પમાડતા.

ઝાલમડીદાવ રમતા તો બધા સખા તેમને પકડવા દોડી દોડીને થાકી જતા કારણ કે જેટલા સખા એટલાં સ્વરૂપ કરી પોતે દોડતા હોય ત્યાં કોને પકડવા ? કેમ પકડવા ?

મુક્તરાજ અબજીભાઈ નવ-દસ વર્ષની ઉંમરે તો સવારમાં વહેલા ઊઠી મૂર્તિનું ધ્યાન કરવા બેસી જતા. ત્યારબાદ મુક્તરાજ શૌચવિધિ અને દાતણક્રિયા પતાવી મહાપ્રભુની મૂર્તિને સંભારતા થકા સ્નાન કરતા. મુક્તરાજ એક વસ્ત્ર પહેરી અને એક ઓઢી મંદિરમાં જઈ પવિત્ર આસન ઉપર બેસી પૂજા કરતા. સવારે અને સાંજે સુમધુર કંઠે મુક્તરાજ વચનામૃત, ભક્તચિંતામણિ તથા નિષ્કુળાનંદ કાવ્ય જેવા ગ્રંથ વાંચી સૌને મહારાજના ગૂઢાર્થ સમજાવતા. એક એક શબ્દ પર મોટા મોટા વિદ્વાનો, શાસ્ત્રીઓ, પંડિતો કે સંપ્રદાયના મોટા મોટા સદ્‌ગુરુવર્ય સંતો અર્થ ન કરી શકે તેવા પરોક્ષાર્થનો પ્રત્યક્ષાર્થ આ મુક્તરાજ સૌને સમજાવતા. તેમની દરેક વાતમાં નાનપણથી જ એ વાત મુખ્ય આવતી કે, ‘‘સ્વામિનારાયણ ભગવાન સર્વ અવતારના અવતારી સર્વોપરી ભગવાન છે. એકમેવાદ્વિતીય બ્રહ્મ, અજોડ અને

સનાતન એક અને માત્ર એક સ્વામિનારાયણ ભગવાન જ છે. એમની મૂર્તિમાં રસબસભાવે રહેલા અનાદિમુક્તો અનેક છે અને ભગવાન સ્વામિનારાયણ એક છે. અનાદિમુક્તો ભોક્તા છે અને શ્રીજીમહારાજ દાતા છે. એમની આજ્ઞામાં રહેવું અને નિયમ-ધર્મમાં ખબડદાર થઈ મહાપ્રભુને રાજી કરવા.''

આમ બાળપણથી જે જે એમની વાતો સાંભળતા તેમને એવી પ્રતીતિ સહેજે જ થઈ આવતી કે, 'આ મુક્તરાજ મહારાજના સંકલ્પથી જ પ્રગટ થયેલા છે.' તેમ છતાં મુક્તરાજ તો પોતે પોતાનો પ્રતાપ ઢાંકી-ઢબૂરી સેવકભાવે વર્તતા. કિશોર અવસ્થાને પામેલા આ મુક્તરાજને મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે નંદસંતોનાં બનાવેલાં અગિયારસો ચાર ચાર પદવાળાં કીર્તન મુખપાઠ આવડતાં. આ બધા ગુણો જ તેમની મહાનતાનું દર્શન કરાવતા. મુક્તરાજ જ્યારે મંદિરમાં ઠાકોરજી આગળ ઊભા રહી સુમધુર કંઠે કીર્તન બોલતા કે તેમના મુખે સભામાં બેસી કથા વાંચતા ત્યારે કેટલાય નિર્દોષ ભક્તોને સિંહાસનમાં બિરાજેલ મૂર્તિનાં દિવ્ય તેજોમય દર્શન થતાં. કેટલાયને તે વખતે અખંડ મૂર્તિ દેખાવા લાગતી. તો વળી કેટલાય ભક્તોને મહારાજ સાક્ષાત્ આ સભામાં આવીને બિરાજ્યા છે તેવાં દર્શન થતાં. અને કેટલાકને તેજના અંબારમાં મહારાજની સાથે આ મુક્તરાજનાં પણ દર્શન થતાં. આમ, મુક્તરાજ અબજીભાઈ સૌ પ્રેમી અને નિર્દોષ હરિભક્તોને દિવ્ય દર્શનનો અનુભવ કરાવતા. તો વળી પ્રસંગોપાત્ત પોતાના માતાપિતાને પણ દિવ્યભાવ જણાવતા.

એક વખત પાંચાભાઈ માંદા પડ્યા હતા. ઘણા દિવસથી માંદગીને લીધે તેઓ કાંઈ જ જમેલા નહીં. એક દિવસ શરીરે થોડું સારું થયું એટલે દેવબાએ પૂછ્યું કે, ''તમારે કાંઈ જમવું છે ?'' પાંચાભાઈએ ખજૂર જમવાની ઇચ્છા બતાવી. પણ... ખજૂર લાવવી ક્યાંથી ? બળદિયામાં ખજૂર મળતી નહિ અને મળે તોપણ લાવવા માટે ઢીંગલા (પૈસા) હતા નહીં. તેથી દેવબાની આંખમાં આંસુ આવી ગયાં અને ચિંતા કરવા લાગ્યાં. એ જ સમયે મુક્તરાજ અબજીભાઈએ ઘરમાં પ્રવેશ કર્યો. માતુશ્રીની આંખમાં આંસુ જોઈ કહ્યું, ''શું થયું ? કેમ ચિંતા કરો છો ?'' ત્યારે દેવબાએ બધી વાત કહી. મુક્તરાજ તો નિખાલસભાવે બોલ્યા, ''તમે ચિંતા ન

કરો. હું હમણાં જ ખજૂર લઈ આવું છું.''

અને પાંચ-દસ મિનિટમાં જ મુક્તરાજ તો નવી-મોટી સુંદર ખજૂરનો થાળ ભરી ઘરમાં આવ્યા. ઠાકોરજીને ખજૂર ધરાવી પાંચાપિતાને તથા ઘરના સૌ સભ્યોને આપી અને પોતે પણ જમ્યા. આ અલૌકિક ચરિત્ર જોઈ માતુશ્રીએ પૂછ્યું, ''હે મુક્તરાજ ! આ ખજૂર ઢીંગલા વગર ક્યાંથી લાવ્યા ?'' મુક્તરાજે કહ્યું, ''હે માતુશ્રી ! હું ખજૂર લેવા બહાર નીકળ્યો ત્યાં તો શ્રીજીમહારાજ ખજૂરનો થાળ ભરી સામે મળ્યા અને મને એ થાળ આપતાં કહ્યું જે, ''લ્યો આ ખજૂર. તમારા પિતાશ્રીને જમાડજો અને સૌને પ્રસાદી આપજો.'' આમ, મુક્તરાજના આવા નિત્ય બાળ ચમત્કાર જોઈ તથા મહારાજ સાથેની એકતા જોઈ માતાપિતા તથા ઘરના સૌ સભ્યોને પણ આ મુક્તરાજને વિષે દિવ્યભાવ વધવા લાગ્યો.

સંતો મંદિરમાં આવતા ત્યારે મુક્તરાજ અબજીભાઈ સેવા કરવા માટે અડધા અડધા થઈ જતા અને દોડાદોડ કરી મૂકતા. મુક્તરાજ અબજીભાઈ સંતોનાં આસન પાથરી આપતા, વસ્તુ લાવી આપતા વગેરે સેવા કરવા મંડી પડતા. સંતો તેમનો મહિમા સમજી ના પાડતા છતાં તેઓ સદાય નિર્માનીપણે જ વર્તતા. વળી કોઈને ત્યાંથી રસોઈનું સીધું લાવવાનું હોય તો દરેક આંટે એક એક વસ્તુ જ લાવતા. ત્યારે સંતો કહેતા કે, ''મુક્તરાજ ! આ એક આંટે બધું લાવી દેતા હોય તો વધુ આંટા ખાવા ન પડે ને !'' ત્યારે મુક્તરાજ કહેતા, ''સ્વામી ! સંતોની સેવા માટે વધુ આંટા ખાવા મળે તો મહારાજનો વધુ રાજીપો થાય ને !'' કેવી સેવાની ધગશ અને ઉત્સાહ ! આમ, મુક્તરાજ અબજીભાઈનું સંપૂર્ણ બાળપણ સૌના માટે અત્યંત સુખકારી હતું.

## સમાધિવાળા અબજીભાઈ

મુક્તરાજ અબજીભાઈની અલૌકિક સ્થિતિને લીધે સમગ્ર સત્સંગ સમાજમાં તેઓ 'સમાધિવાળા અબજીભાઈ'ના નામથી પ્રખ્યાતિ પામ્યા હતા. પૂર્વે હજારો ઋષિમુનિઓ તપ કરી કરીને રાફડા થઈ ગયા તેમ છતાં કોઈને સમાધિનો અનુભવ થયો નહોતો. જ્યારે અબજીભાઈને તો સાહજિકતાએ જ સમાધિ વર્તતી હતી. જેથી સૌ સંતો-હરિભક્તો મુક્તરાજની આ અલૌકિક સ્થિતિનાં દર્શન કરવા આવતા હતા.

એક દિવસ મંદિરમાં મોટી સભા ભરાઈને બેઠી હતી પરંતુ અબજીભાઈ સભામાં આવેલા નહીં. તેથી સૌ સંતો-હરિભક્તો એમની વાટ જોતા હતા. ત્યારે થોડી વારે અબજીભાઈ શ્વેત વસ્ત્ર ધારણ કરી સભામાં પધાર્યા અને મહાપ્રભુને દંડવત કરી સૌ સભાજનોને 'જય સ્વામિનારાયણ' કહ્યા. ત્યારે સદ્. નિર્ગુણદાસજી સ્વામી બોલ્યા, ''અબજીભાઈ ! તમને બધાય સંભારે છે.'' ત્યારે અબજીભાઈએ કહ્યું, ''તમારા જેવા મોટા સંત અમને સંભારે તેથી વિશેષ રાજીપો શું ?''

આમ કહી અબજીભાઈ તો ધ્યાનસ્થ સ્થિતિએ સભામાં બેસી ગયા. કથાવાર્તા પૂરી થઈ અને આરતી થઈ એટલે સૌ ઠાકોરજીનાં દર્શન કરવા ઊઠ્યા. પરંતુ અબજીભાઈ તો સમાધિમાં ચાલ્યા ગયા હતા. તેથી તેઓ તો બેસી જ રહ્યા. તેમને જોઈ સ્વામીશ્રી બોલ્યા જે, ''એમને કોઈ ઉઠાડશો નહીં.'' એમ કહી એક હરિભક્તને મુક્તરાજશ્રીની પાસે બેસાર્યા. સૌ સંતો-હરિભક્તો આરતીનાં દર્શન કરી પાછા આવ્યા ત્યારે પણ અબજીભાઈ તો એમ ને એમ બેઠા હતા. સૌ સંતો-હરિભક્તો અડખે પડખે જતા, મહાપ્રભુનાં દર્શન કરતા, સેવા કરતા પરંતુ સૌની દૃષ્ટિ વારંવાર અબજીભાઈ સામું રહ્યા કરતી. અબજીભાઈ તો મહાપ્રભુની મૂર્તિના સુખમાં ગુલતાન બની ગયા હતા. તે દોઢ-બે કલાકે જાગ્યા ત્યારે પાસે બેઠેલા હરિભક્તને પૂછ્યું જે, ''આરતી થઈ ?'' ત્યારે તે હરિભક્તે કહ્યું, ''અબજીભાઈ ! આરતી તો ક્યારનીયે થઈ ગઈ. હમણાં ઠાકોરજીના થાળ આવશે.'' પછી તો મુક્તરાજશ્રી ઊભા થઈ ઠાકોરજીનાં દર્શન કરવા ગયા. તો ત્યાં પણ તેમનાં દર્શન કરવા સંતો-હરિભક્તોની ભીડ મટે નહીં.

એક વખત તો અબજીભાઈ પોતાના ઘરે બેઠા બેઠા જ સમાધિમાં ચાલ્યા ગયા તે કોઈ રીતે સમાધિમાંથી બહાર આવે જ નહીં. એક, બે, પાંચ એમ કરતા સાત સાત દિવસ વીતી ગયા. છતાં મુક્તરાજ તો સમાધિમાંથી બહાર આવ્યા જ નહીં. પછી તો ઘરના સૌ સભ્યોએ તેમને જગાડવા માટે બહુ વાર ધૂન્ય કરી એટલે જાગ્યા અને કહ્યું જે, ''આવી રીતે મને કદી જગાડશો નહીં.'' એમ કહી તુરત જ પાછા સમાધિમાં ચાલ્યા ગયા. ફરીથી સમાધિમાં ચાલ્યા ગયા તે કેડે પંદર દિવસ પૂરા થયા. તે પંદરમા દિવસે પોતાની મેળે જાગ્રત થયા અને મંદિરે દર્શન કરવા પધાર્યા. મુક્તરાજ પંદર દિવસે સમાધિમાંથી જાગ્યા છે આ વાતની જાણ આખા ગામમાં થઈ તેથી સૌ

અબજીભાઈનાં દર્શન માટે ઊમટી પડ્યા. સૌને અબજીભાઈની અલૌકિકતાનાં દર્શન થયાં.

## રહસ્યાર્થ વચનામૃત ગ્રંથની રચના તથા આશીર્વાદ

સ્વયં શ્રીજીમહારાજ પોતાની સર્વોપરી ઉપાસના, અનાદિમુક્તની સ્થિતિ, મૂર્તિના સુખનું અપારપણું તો વળી ધ્યાન-ભજન, અંતર્વૃત્તિ, ધર્મ-નિયમની દૃઢતા આદિ અનંત પ્રકારની વાતો અને સહેજે સહેજે જીવમાંથી શિવ કહેતાં અનાદિમુક્ત કરી મૂર્તિના સુખમાં રમાડનારી વાતો જ્યારે બાપાશ્રીના મુખે કરતા હોય ત્યારે તેનો અનંત જીવોને લાભ મળે તેવા આશયથી સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીને અંતરમાં કાયમ સંકલ્પ રહ્યા કરતો કે, 'આ વાતોનો સંગ્રહ થાય તો સારું.'

સંવત ૧૯૬૨માં કચ્છમાં રામપુર ખાતે મુક્તરાજ ધનબાએ ચૈત્ર વદ બીજથી વૈશાખ સુદ એકમ સુધી પારાયણ કરાવવાનું નક્કી કર્યું અને બાપાશ્રીને પ્રાર્થના કરી કે, "આ પારાયણમાં આપ પધારો અને સાથે સદ્‌ગુરુશ્રીઓને પણ લાવો." બાપાશ્રીએ સદ્‌ગુરુશ્રી પર પત્ર લખાવ્યો કે, "રામપુરમાં સાંખ્યયોગી ધનબાએ પારાયણ બેસાડવાનું નક્કી કર્યું છે, તો તમે સૌ સંતો મંડળે સહિત કચ્છમાં આવો." બાપાશ્રીનો પત્ર મળતાં સૌ સંતો રાજી થયા અને સદ્. વૃંદાવનદાસજી સ્વામી, સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામી અને સદ્. ઘનશ્યામજીવનદાસજી સ્વામી આદિ સદ્‌ગુરુશ્રીઓ અમદાવાદમાં ચૈત્ર સુદ ૯નો હરિનવમીનો સમૈયો કરી કચ્છમાં પધાર્યા. આ યજ્ઞમાં બાપાશ્રી તથા સદ્‌ગુરુશ્રીઓએ સૌને દર્શન-સમાગમનું સુખ આપ્યું અને સૌને રાજી કર્યા. મુક્તરાજ ધનબા પણ બાપાશ્રી અને સદ્‌ગુરુશ્રીના પધારવાથી તો વળી ઘણાબધા સંતો-હરિભક્તોએ લાભ લીધો તેનાથી રાજી થયાં. યજ્ઞ-પારાયણની પૂર્ણાહુતિ બાદ સૌ સંતો-હરિભક્તોને લઈ બાપાશ્રી સદ્‌ગુરુશ્રીઓ સહિત વૃષપુર પધાર્યા. પરંતુ રસ્તામાં સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીના મનમાં એક જ વાત ઘોળાયા કરતી કે, 'વર્તમાનકાળે બાપાશ્રી મૂર્તિના સુખની નિત્ય નવી અનંત પ્રકારની વાતો કરી ખાંગા કરી રહ્યા છે ત્યારે અનંત જીવોના સમાસને અર્થે બાપાશ્રીની વાતોનો જો સંગ્રહ કરવામાં આવે તો બહુ સારું. પણ બાપાશ્રી જો આ

વાતો લખાવવાની આજ્ઞા આપે તો જ લખાય, મરજી વગર લખાય કેમ ?'

વિચારમાં ને વિચારમાં વૃષપુર પહોંચ્યા. ઠાકોરજીનાં દર્શન કરી કથાવાર્તા, નિયમચેષ્ટા પતાવી સૌ હરિભક્તો ઘરે ગયા અને સૌ સંતોએ આસન કર્યાં, ત્યારે રાત્રિના બાર થયા. વૈશાખી પૂનમનો પૂર્ણ ચંદ્ર આકાશમાં સોળે કળાએ ખીલ્યો હતો અને બાપાશ્રી પણ પ્રસન્નવદને પોતાના આસને બિરાજ્યા હતા.

રામપુરથી વળતાં સદ્‌ગુરુશ્રી પોતાના મનમાં ઉદ્‌ભવેલા વિચારો બાપાશ્રીની આગળ એકાંતમાં રજૂ કરવાની તક જોઈ, કઈ રીતે રજૂ કરવા તે પોતે વિચારી રહ્યા હતા. ત્યાં તો અંતર્યામીપણે બાપાશ્રી બોલ્યા, "સ્વામી ! દર વર્ષે તમે અહીં આવો છો અને જોગ-સમાગમ કરી રાજી થાવ છો. વાતો સાંભળો છો. ભારે ભારે પ્રશ્ન-ઉત્તર થાય છે અને નર્યો દિવ્યભાવ વર્તાય છે. સદ્. નિર્ગુણદાસજી સ્વામી અંતર્ધાન થયા ત્યારથી તમે વખતોવખત આવો છો પણ આ વાતોની યાદી થતી નથી. જો આ વાતોની યાદી થાય તો આગળ જતાં અનંત જીવોને સમાસ થાય."

સદ્‌ગુરુશ્રીના આનંદનો પાર ન રહ્યો. પોતાના મનની વાત બાપાશ્રીએ કરી એટલે સદ્‌ગુરુશ્રી તો રાજી રાજી થઈ ગયા. આનંદમગ્ન બનેલા સદ્‌ગુરુશ્રી બોલ્યા, "બાપા ! મને તો ઘણુંય થાય છે કે લખું પણ આપની આજ્ઞા વગર કેમ લખાય ? આપની આજ્ઞા કઈ રીતે લેવી એ જ વિચાર આવતો." ત્યારે બાપાશ્રીએ કહ્યું, "સ્વામી ! હવેથી લખતા રહેજો, નકરો પરભાવ ચાલ્યો આવે છે. આગળ જતાં એ વાતો ઘણાને સમાસ કરશે." આ રીતે બાપાશ્રીના મુખારવિંદમાંથી નીકળતી શ્રીહરિના મહિમાની જ્ઞાનગંગાને ઝીલવાનું અલૌકિક કાર્ય પ્રારંભાયું સંવત ૧૯૬૨ના વૈશાખ વદ એકમથી. સદ્‌ગુરુશ્રીએ કાગળ અને કલમ મગાવ્યાં અને બાપાશ્રીની વાતોનો સંગ્રહ કરવાનું શરૂ થયું.

બાપાશ્રી મંદિરમાં હોય, વાડીએ હોય, અન્ય ગામોમાં ઉત્સવ-સમૈયા પ્રસંગો હોય કે કરાંચીનું વિચરણ હોય પણ બાપાશ્રીની સાથે સદ્‌ગુરુશ્રી હોય ત્યારે સદ્‌ગુરુશ્રીનું લેખનકાર્ય તો ચાલુ ને ચાલુ જ રહેતું. વાતોનો સંગ્રહ થતો જાણી અન્ય સદ્‌ગુરુશ્રીઓ તથા સંતો-હરિભક્તો પણ અવનવા પ્રશ્નો પૂછતા અને બાપાશ્રી પણ રાજી થકા વિવિધ પ્રકારે વાસ્તવિક ઉત્તર કરતા ને મૂર્તિસુખની લ્હાણી કરતા.

જોગાનુજોગ એ અરસામાં અમદાવાદના બળદેવભાઈ શેઠ સદ્‌ગુરુશ્રીના જોગમાં આવ્યા. મોરબી ખાતેના સદ્‌ગુરુશ્રીના વિચરણ દરમ્યાન સદ્‌ગુરુશ્રીની દિવ્ય પ્રતિભા જોઈ સદ્‌ગુરુશ્રી પ્રત્યે શેઠને ખેંચાણ થયું અને દિવ્યભાવે સદ્‌ગુરુશ્રીનો સમાગમ કર્યો. મહારાજ અને બાપાશ્રીનાં સ્વરૂપ તથા સિદ્ધાંતોની ઓળખાણ થઈ અને આ જ્ઞાન સમજાયું.

સદ્‌ગુરુશ્રીએ બળદેવભાઈ શેઠને કહ્યું, "બળદેવભાઈ ! બાપાશ્રી તો શ્રીજીમહારાજના અંગત રહસ્યને અને સિદ્ધાંતોને યથાર્થ જાણનારા છે. વળી એના પ્રવર્તન માટે તો બાપાશ્રીનું પ્રાગટ્ય છે તો બાપાશ્રીના મુખે વચનામૃતના જે જે પ્રશ્ન-ઉત્તર થાય છે તેનું લખાણ થાય. 'રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત' થાય તો સામાન્ય જીવોને પણ સહેજે શ્રીહરિનાં ગૂઢ રહસ્યો સરળ રીતે સમજાય. માટે જ્યારે બાપાશ્રી પધારે ત્યારે વિનય વચને બાપાશ્રીને પ્રાર્થના કરી રાજી કરજો અને ટીકાવાળાં વચનામૃત છપાવવાની મંજૂરી લેજો."

સંવત ૧૯૬૯માં અશ્લાલીનાં સાંખ્યયોગી કંકુબા તરફથી અમદાવાદમાં પારાયણ બેસાડવામાં આવી હતી. બાપાશ્રી આ પ્રસંગે કચ્છમાંથી લાભ આપવા પધારેલા. બાપાશ્રી તથા સદ્‌ગુરુશ્રીના આસને હરિભક્તો લાભ લેવા માટે ઊમટી પડતા. પારાયણની સમાપ્તિ પછી બાપાશ્રી સદ્‌ગુરુઓને સાથે લઈ રનોડા, ધોળકા, જેતલપુર, અશ્લાલી, ગામડી વગેરે ગામોમાં અનંત જીવોને દર્શન દઈ બારેજડીમાં બળદેવભાઈ શેઠની મિલમાં પધાર્યા.

સમય-સંજોગોની સાનુકૂળતા ને બાપાશ્રીની પ્રસન્નતા જોઈ સદ્‌ગુરુશ્રીની સાથે થયેલી વાતચીત મુજબ શેઠ બળદેવભાઈએ બાપાશ્રીની ટીકાવાળાં વચનામૃત છપાવવા માટે અનુમતિ માગી. ત્યારે બાપાશ્રીએ કહ્યું, "બળદેવભાઈ ! શ્રીજીમહારાજે વચનામૃતમાં કઈ જગ્યાએ, કઈ વાત, કયા કારણથી કરી છે અને શ્રીજીમહારાજનો અંતર્ગત અભિપ્રાય તથા સિદ્ધાંત શો છે ? એ તો એમના અનાદિમુક્ત જ યથાર્થ જાણતા હોય. માટે સ્વામીનો (સદ્‌ગુરુશ્રીનો) અને તમારો વિચાર ઘણો સારો છે." રાજી થકા બળદેવભાઈ શેઠની વાત સાંભળી મંજૂરીની મહોર મારતાં બાપાશ્રી સદ્‌ગુરુશ્રી પ્રત્યે બોલ્યા જે, "સ્વામી ! ગ્રંથરાજ વચનામૃતની

રહસ્યાર્થ ટીકાનું કામ શરૂ કરો. મહારાજનો બહુ રાજીપો છે. મહારાજ અને મુક્ત આ કામમાં ભેળા ભળશે. માટે આ અલૌકિક કાર્ય તો જરૂર કરો. આ ટીકાથી તો સામાન્ય જીવ પણ વચનામૃતના ગૂઢ રહસ્યોને સહેલાઈથી સમજી શકશે.''

બાપાશ્રીની કૃપાથી સદ્‌ગુરુશ્રીએ શ્રીજીમહારાજના સર્વોપરી સિદ્ધાંતો કે જે બાપાશ્રી વચનામૃતના જ આધારે સરળપણે સમજાવતા હતા અને તત્ત્વજ્ઞાનના ગૂઢ રહસ્યોને સુગમ કરતા હતા તેને તથા બાપાશ્રીની અમૃતવાણીને ગ્રંથસ્થ કરી અઢાર અઢાર વર્ષ દાખડો કર્યો અને અનંત જીવોને યાવદ્‌ચંદ્રદિવાકરૌ સંજીવની સમાન 'રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત' અને 'શ્રી અબજીબાપાશ્રીની વાતો ભાગ : ૧,૨'ની અણમોલ ભેટ આપી. વળી આ બે અમૂલ્ય ગ્રંથોનું છાપકામ પૂર્ણ થતાં સૌપ્રથમ સદ્‌ગુરુશ્રીએ બાપાશ્રીને તેડાવી આ ગ્રંથો ઉપર આશીર્વાદની અમીવર્ષા વરસાવવા પ્રાર્થના કરી. ત્યારે બાપાશ્રીએ આ દિવ્ય ગ્રંથો પર દિવ્ય આશીર્વાદ વરસાવ્યા :

"જે મુમુક્ષુ આ દિવ્ય ગ્રંથ સૂણશે, હેતે કરી વાંચશે,
કરશે દર્શન સ્પર્શ જાણી મહિમા, ઉત્તમ સુખો માણશે;
આશીર્વાદ દીધો અતિ બળભર્યો, પોતાનું બિરદ ગણી,
પામી આનંદ જય જય બોલો, શ્રીજી ને બાપા તણી."

## નળકંઠામાં દિવ્ય વિચરણ તથા આશીર્વાદ

સંવત ૧૯૭૯ના મહા સુદ દશમને રોજ મૂળીનો શતવાર્ષિક પાટોત્સવ પતાવી બાપાશ્રી મણિપુરા પધાર્યા. ત્યારે મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી બાપાશ્રી જોશીપુરા, કલ્યાણપુરા, ધર્મપુર, વિશતપુરા, કડી થઈ અમદાવાદ પધાર્યા. અમદાવાદમાં બાપાશ્રીના અતિ કૃપાપાત્ર એવા બળદેવભાઈ શેઠનો આગ્રહ, પ્રેમ અને ભક્તિભાવ જોઈ બાપાશ્રીએ તેમની મિલમાં ઉતારો કર્યો. દરરોજ સવારે બાપાશ્રી બળદેવભાઈ શેઠની મોટરમાં (ગાડીમાં) બેસી મંદિરે દર્શન કરવા જતા. મંદિરમાં પણ બાપાશ્રીના આગમનથી આનંદ આનંદ થઈ જતો. સૌ સંતો-હરિભક્તોના આગ્રહથી બાપાશ્રી મંદિરમાં બિરાજી સૌને કથાવાર્તાનો લાભ આપી

સુખિયા કરતા.

એક દિવસ નળકંઠાથી પ્રેમી હરિભક્તો બાપાશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લેવા આવ્યા હતા. તેઓએ દર્શન-સમાગમનો લાભ લીધા પછી ઘરે પાછા વળતી વેળાએ બાપાશ્રીને પ્રાર્થના કરી જે, "હે બાપા ! આપ કૃપા કરી અમારા ગામમાં દર્શન દેવા પધારો તો સારું. ઘણા જીવો આપનાં દર્શન-સમાગમનો લાભ લેવા વાટ જોઈ રહ્યા છે માટે આપ કૃપા કરી પધારો અને સૌને સુખિયા કરો."

નળકંઠાના આ પ્રેમીભક્તોનો નિર્દોષભાવ જોઈ બાપાશ્રી રાજી થઈ ગયા અને બાપાશ્રીએ કહ્યું જે, "અમે તમારા ઉપર ખૂબ રાજી છીએ માટે તમારી પ્રાર્થના સ્વીકારી અમે તમારા ગામમાં આવીએ છીએ." એમ કહી બાપાશ્રી તથા મોટા મોટા સંતો બળદેવભાઈ શેઠની ગાડીમાં બેસી નળકંઠામાં દેવ ધોલેરા, નાનોદરા, કેસરડી, ઝાંપ, વનાળિયા, મેટાળ, ઉપરદળ, રેથળ આદિ ગામોમાં થઈ વાંસવા ગામે પધાર્યા. ત્યાં સૌ પ્રેમી હરિભક્તોએ બાપાશ્રીનું સામૈયું કર્યું. બાપાશ્રીએ પણ રાજી થકા પોતાના દિવ્ય હસ્તે આ વાંસવા ગામે બાઈઓના મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. સૌ હરિભક્તો પણ બાપાશ્રી પધાર્યા હતા તેના આનંદમાં નાચવા અને કૂદવા લાગ્યા. જોતજોતામાં તો આનંદોત્સવનું વાતાવરણ ઊભું થઈ ગયું.

વાંસવા ગામના સૌ હરિભક્તોને સુખિયા કરી, પ.ભ. જેઠાભાઈના આગ્રહથી બાપાશ્રી વાસણ ગામ પધરામણી માટે પધાર્યા. જેઠાભાઈએ ખૂબ મહિમાસભર હૈયે બાપાશ્રીને પોતાના ઘરે વધાવ્યા અને બાપાશ્રીનું પૂજન કર્યું. બાપાશ્રી પણ જેઠાભાઈના નિર્દોષભાવને જોઈ ખૂબ રાજી થયા અને સૌ હરિભક્તોને મહાપ્રભુના મહિમાની વાતોનો થોડી વાર લાભ આપ્યો. સભાની પૂર્ણાહુતિ થયા બાદ જેઠાભાઈએ બાપાશ્રીને પ્રાર્થના કરી કે, "હે બાપા ! આપ સદાય અમારી ઉપર રાજી રહેજો અને મહારાજ સાથે સદાય આ ઘરમાં બિરાજમાન રહેજો." ત્યારે જેઠાભાઈની પાસે ઊભેલા લાલજીભાઈએ બાપાશ્રીને પ્રાર્થના કરી જે, "હે બાપા ! જેઠાભાઈ બહુ ભલા અને નિર્દોષ ભક્ત છે. આપ એમના ઉપર રાજી થજો અને એમને મુક્ત સમો એક દીકરો પ્રાપ્ત થાય એવી દયા કરજો."

પ્રાર્થના સાંભળતાં જ બાપાશ્રી બોલ્યા જે, "શું કહો છો ? જેઠાભાઈને એકેય

દીકરો નથી ? જેઠાભાઈ, જાવ તમારે ઘેર એક નહિ પરંતુ બે બે દીકરા થશે પરંતુ એક શરત છે.'' ત્યારે અધીરા બનેલા જેઠાભાઈએ પૂછ્યું, ''શું બાપા ?'' બાપાશ્રી બોલ્યા જે, ''બે દીકરા થશે, પરંતુ આધા તુમ્હારા અને આધા હમારા.''

આમ, બાપાશ્રીએ આપેલા આશીર્વાદ મુજબ જેઠાભાઈના ઘરે બે દીકરાનો જન્મ થયો. તેમાં 'આધા તુમ્હારા' એટલે મોટા દીકરા રતિભાઈ અને 'આધા હમારા' એટલે 'સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા'ના આદ્યસ્થાપક એવા આપણા સૌના વ્હાલા 'ગુરુવર્ય પ.પૂ. બાપજી.'

## સિદ્ધોનાય સિદ્ધ બાપાશ્રી

જીવનપ્રાણ બાપાશ્રીના મહિમાને કહેવો કે વર્ણવવો એ આકાશમાં રહેલા તારાને ગણવા જેવું છે. સંપ્રદાયમાં હજારો સંતો અને હરિભક્તો બાપાશ્રીનો અપાર મહિમા સમજતા. કોઈ બાપાશ્રીને ભક્ત કહેતા, તો કોઈક મુક્ત કહેતા. પરંતુ સદ્. નિર્ગુણદાસજી સ્વામી કહેતા જે, ''બાપાશ્રી તો જે છે એ જ છે.'' આમ સંપ્રદાયમાં બાપાશ્રીની ખૂબ જ પ્રખ્યાતિ હતી. જેથી મોટા મોટા સદ્ગુરુ સંતો તથા આચાર્યો પણ બાપાશ્રીનો મહિમા સમજતા ને સૌને સમજાવતા.

સંવત ૧૯૧૭માં ધ.ધુ. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને મંદવાડ હોવાથી બાપાશ્રી તેમના ખબરઅંતર પૂછવા માટે અમદાવાદ પધાર્યા. એ જ વખતે શ્રીજીમહારાજના અતિ વ્હાલા અને સર્વોપરી ઉપાસનાના પ્રવર્તક એવા સદ્. ગુણાતીતાનંદ સ્વામી પણ આચાર્ય મહારાજનાં દર્શનાર્થે પધાર્યા હતા. ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે સદ્. ગુણાતીતાનંદ સ્વામીને બાપાશ્રીની ઓળખાણ કરાવતાં કહ્યું જે, ''આ અબજીભાઈ સ્વતંત્ર, સિદ્ધ અને મહાપ્રભુના સંકલ્પથી પધારેલા અનાદિમુક્ત છે. તેમના દ્વારા મહારાજ અનંત જીવોનો આત્યંતિક મોક્ષ કરી રહ્યા છે.'' ત્યારે સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ બાપાશ્રીને બે હાથ જોડી જય સ્વામિનારાયણ કહ્યા અને ખૂબ પ્રેમથી બાપાશ્રીને ભેટ્યા અને બોલ્યા જે, ''હા મહારાજશ્રી ! આપ કહો છો એમ જ છે.'' આમ સ્વયં આચાર્ય મહારાજશ્રી તથા સદ્. ગુણાતીતાનંદ સ્વામી પણ બાપાશ્રીનો મહિમા

સમજતા ને એકબીજાને પરસ્પર સમજાવતા.

આદિ આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજ તથા પુરુષોત્તમપ્રસાદજી મહારાજ પણ બાપાશ્રીનો અપાર મહિમા સમજતા અને બાપાશ્રી પાસેથી મૂર્તિસુખના આશીર્વાદ મેળવતા. વળી ભૂજનાં મહામુક્ત સૂરજબા તથા સદ્. ગોપાળાનંદ સ્વામીના સમર્થ શિષ્ય સદ્. નિર્ગુણદાસજી સ્વામી તથા ભૂજના સમર્થ સદ્. અક્ષરજીવનદાસજી સ્વામી તથા માંડવીના મુક્તરાજ લક્ષ્મીરામભાઈ આદિ સિદ્ધમુક્તો પણ બાપાશ્રીનો અપાર મહિમા સમજતાં અને સૌને સમજાવતાં. વળી સદ્. નિર્ગુણદાસજી સ્વામી તો કહેતા જે, ''આ બાપાશ્રી તો અમારા જીવનપ્રાણ છે અને અનંતકોટિ બ્રહ્માંડોમાં આ બાપાશ્રીનો જોટો મળે તેમ નથી.''

આ ઉપરાંત સદ્. શ્રી હરિનારાયણદાસજી સ્વામી, પુરાણી ધર્મકિશોરદાસજી સ્વામી, ભગવત્સ્વરૂપદાસજી સ્વામી, શ્વેતવૈકુંઠદાસજી સ્વામી, ગોપીવલ્લભદાસજી સ્વામી આદિ મૂળીના મોટા મોટા સંતો તથા સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામી, સદ્. વૃંદાવનદાસજી સ્વામી, સદ્. ઘનશ્યામજીવનદાસજી સ્વામી આદિ અમદાવાદ દેશના મહાસમર્થ સદ્ગુરુશ્રીઓ તથા ભૂજના નિર્ગુણાનંદ બ્રહ્મચારી, પુરાણી કેશવપ્રિયદાસજી સ્વામી તથા વડતાલના સદ્. રઘુવીરચરણદાસજી સ્વામી જેવા મહાસમર્થ સંતો પણ બાપાશ્રીનો અપાર મહિમા સમજતા અને બાપાશ્રીના ખોળામાં માથું મૂકી ''બાપા, અમારું પૂરું કરો.'' એવા આશીર્વાદ માગતા. ત્યારે બાપાશ્રી પણ રાજી થઈને જ્યાં આશીર્વાદ આપતા કે, ''જાવ તમારું પૂરું, પૂરું ને પૂરું.'' ત્યાં તો જેને આશીર્વાદ મળતા તેને ઝળળળ તેજના સમૂહમાં મહાપ્રભુની મૂર્તિનાં દર્શન થતાં અને અખંડ મૂર્તિના સુખભોક્તા થઈ જતા.

વળી રામપુરનાં ધનબા ડોશી, સુખપરના મુક્તરાજ દેવજીબાપા તથા દહીંસરાના મુક્તરાજ કેસરાબાપા આદિ સિદ્ધમુક્તો પણ બાપાશ્રીનો ખૂબ મહિમા સમજતાં.

આમ, સમગ્ર સત્સંગ સમાજમાં ચારેબાજુ ''બાપાશ્રી... બાપાશ્રી... બાપાશ્રી'' એવા શબ્દોનો ગુંજારવ સંભળાવા લાગ્યો. જેથી હજારો સંતો અને હરિભક્તો બાપાશ્રીનાં દર્શન-સમાગમ માટે ઊમટતા અને સહજમાં સિદ્ધકાળની અનુભૂતિ કરતા.

# દિવ્ય કલ્યાણકારી ગુણો

## ૧. શ્રીજીમહારાજ સાથે એકતા

સંવત ૧૯૪૨ની સાલમાં બાપાશ્રી કચ્છથી છસો માણસોનો સંઘ લઈ મૂળી થઈ ગઢડા, ધોલેરા, ધોળકા થઈ જેતલપુર પહોંચ્યા. ત્યારે મંદિરની વાડીમાં એક જસા ભક્ત રહેતા. તેમને શ્રીજીમહારાજ માણકી ઘોડી ઉપર બેઠેલા ને વતું વધેલું એવાં દર્શન થયાં. ત્યારે જસા ભક્તે કહ્યું, ‘‘હે મહારાજ ! તમે આવા દૂબળા કેમ દેખાઓ છો ? ઘોડી પણ દૂબળી જણાય છે, વતું પણ વધેલું છે. તેનું શું કારણ ?’’ ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, ‘‘આ કચ્છનો સંઘ જ્યારથી નીકળ્યો છે ત્યારથી અમે તેમના ભેળા ચાલીએ છીએ કારણ કે અમારા અનાદિમુક્ત એમાં ભેળા છે. એ સંઘ બહુ મોટો છે અને બધા કેડેમોર ચાલે છે તેથી તેમને કોઈ લૂંટી ન જાય વળી માર્ગ પણ ચૂકી ન જાય એટલા માટે સાથે જ રહીએ છીએ.’’ આમ કહી અદશ્ય થઈ ગયા.

કેવી મહારાજ અને બાપાશ્રીની એકતા !

●●●

મૂળીના સદ્. બાળકૃષ્ણદાસજી સ્વામી મૂળી મંદિરમાં સુખશય્યાની સેવા કરતા. એક વખત સવારે વહેલા જ્યારે ધીમે રહી સુખશય્યાનું દ્વાર ખોલ્યું ને તેઓ અંદર ગયા ત્યારે શ્રી ઘનશ્યામ મહારાજ ઢોલિયા પર પ્રગટપણે પોઢેલા અને રેશમી રજાઈ ઓઢેલી. વળી, ધીમે ધીમે મહારાજના કર્ણપ્રિય નસકોરાં પણ જાણે સંભળાય ને પડખાભેર સૂતેલા તેવાં દર્શન થયાં. સ્વામીશ્રી તો થોડીક વાર આ દિવ્ય દર્શન કરવા મંડી જ પડ્યા. વિચાર્યું કે, ‘બોલવું નથી નહિ તો મહારાજ અદશ્ય થઈ જશે.’

ત્યાં તો મહારાજે પડખું ફેરવ્યું જેથી ઓઢેલી રેશમી રજાઈ નીચે પડી ગઈ. સ્વામીએ વિચાર્યું, ‘મહારાજને ઠંડી લાગશે તેથી રજાઈ લઈ લાવ ધીમેથી ઓઢાડી દઉં.’ આમ જ્યાં ઓઢાડવા ગયા ત્યાં તો મહારાજ એકદમ બેઠા થઈ ગયા.

ઘડીભર તો સ્વામી સ્તબ્ધ બની જોઈ રહ્યા. પછી ધીમે રહી પૂછ્યું, ‘‘દયાળુ ! આવી રીતે રોજ પોઢવા આવો છો ?’’ મહારાજે કહ્યું, ‘‘સ્વામી, પોઢું છું અહીં ને

રહું છું અમારા અનાદિમુક્ત ભેળો કચ્છમાં. આ તો આજે તમને દર્શન દીધાં.'' આટલું બોલી મહાપ્રભુ અદૃશ્ય થઈ ગયા.

આ થઈ આ મહામુક્તરાજની મહાપ્રભુ સાથેની એકતા !!!

## ૨. અંતર્યામીપણું

સંવત ૧૯૪૮માં આસો સુદ એકમને રાત્રે એક વાગ્યે અ.મુ. સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામી અમદાવાદ મંદિરમાં અંતર્ધાન થયા. તે વખતે બાપાશ્રીએ ભૂજથી આવેલા સદ્. શ્રી અક્ષરજીવનદાસજી સ્વામીને ઉઠાડીને વાત કરી જે, ''આપણા ગુરુ સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામી અત્યારે અમદાવાદ અંતર્ધાન થયા. માટે ચાલો સ્નાન કરી લઈએ.''

ઉપરદળના રામજીભાઈએ સદ્. નિર્ગુણદાસજી સ્વામીને અંતર્ધાન થતા પહેલાં દિલગીર થઈ પ્રાર્થના કરી, ''સ્વામી, આપ ધામમાં જઈ બિરાજશો પછી હું કોનો જોગ કરીશ ને કોના આધારે જીવીશ ?'' ત્યારે સ્વામીશ્રીએ ભલામણ કરી કે, ''તમે કચ્છમાં મહારાજના સંકલ્પથી અત્યારે પ્રગટ થયા છે એવા મુક્તરાજ અબજીભાઈનો સમાગમ કરજો; તે તમને ખૂબ સુખિયા કરશે.''

સદ્‌ગુરુશ્રી અંતર્ધાન થઈ ગયા પછી લગભગ બાર મહિના વીતી ગયા પણ રામજીભાઈ આ વાત ભૂલી ગયેલા. એક દિવસ રાત્રે અ.મુ. સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ રામજીભાઈને દર્શન દઈ યાદ કરાવ્યું કે, ''રામજીભાઈ, અમે તમને મુક્તરાજ અબજીભાઈનો સમાગમ કરવા જવાનું કહ્યું હતું તે કેમ ભૂલી ગયા ?''

રામજીભાઈ તુરત સ્વામીશ્રીની આજ્ઞાથી બાપાશ્રીનાં દર્શને ગયા. બળદિયા પહોંચી જ્યાં બાપાશ્રી પાસે ગયા ત્યાં બાપાશ્રી અંતર્યામીપણે બોલ્યા, **''રામજીભાઈ, તમે સ્વામીને ફેર દાખડો કરાવ્યો ને !''** એમ કહીને મળ્યા.

● ● ●

એક સમયે અમદાવાદથી સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી આદિ સંતો વૃષપુર ગયા હતા. બાપા તેમની સાથે મંદિરમાં જ હતા.

સાંજના નિત્ય નિયમ પછી બાપાશ્રીના ભત્રીજા ગોવિંદ ભક્તે આવીને કહ્યું જે, ''બાપા, વાડીએ હાલશું ?'' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''આજે તો સંતો આવ્યા

છે તેથી અમારાથી નહિ અવાય. માટે તમે જાવ અને અમારા બળદનેય ચારો નાખજો.'' પછી તે વાડીએ ગયા. ત્યાં બાપાશ્રીના બળદને ચારો નીર્યો ને તેમાંથી પોતાના બળદને પણ નીર્યો.

તે સમયે બાપાશ્રી સદ્ગુરુશ્રી પાસે મંદિરમાં સૂતેલા. તેમણે અંતર્યામીપણે આ જાણી, લાંબો હાથ કરી ગોવિંદના માથેથી પાઘડી ઉપાડી લીધી ને પોતાના ઓશીકા નીચે મૂકી દીધી. ત્યારે સ્વામીએ કહ્યું જે, ''બાપા, ઓશીકું નીચું પડે છે શું ?'' ત્યારે કહ્યું, ''ના... ના... સ્વામી, પેલા ગોવિંદે અમારો ચારો એના બળદને નીર્યો જે બાપાશ્રીને ક્યાં ખબર પડવાની છે ? તેથી અમે તેની પાઘડી ઉપાડી લીધી ને આ ઓશીકા નીચે ઘાલી.''

ગોવિંદ ભક્તે ઘણી તપાસ કરી પણ રાત્રે પાઘડી ન મળી. બીજે દિવસે સવારે મંદિરે આવ્યા ત્યારે બાપાશ્રીએ ભૂલ ઓળખાવી પાઘડી પરત આપી. પછી તેણે બાપાશ્રીની માફી માગી.

આવા અનેક પ્રસંગો બાપાશ્રીના અંતર્યામીપણાના છે.

## ૩. અગાઉથી ધામમાં લઈ જવાની અવધિ જણાવી શ્રીજીમહારાજ સાથે તેડવા આવવું

સંવત ૧૯૫૫માં ભાદરવા માસમાં રામજીભાઈને વધારે મંદવાડ થવાથી પોતાને કચ્છમાં બાપાશ્રી પાસે જવાનો સંકલ્પ પ્રબળ બન્યો. તેથી સગાંસંબંધીને કહ્યું જે, ''મને ગમે તેમ કરી બાપા પાસે કચ્છમાં પહોંચાડો. વચ્ચે દેહ પડી જાય તોય ભલે પણ મારે તો નક્કી જવું જ છે.'' સૌ મૂંઝાવા લાગ્યા કે કેમ કરવું ? ત્યાં રાત્રે બાપાશ્રીએ તેજના સમૂહમાં દર્શન આપ્યાં ને કહ્યું જે, ''રામજીભાઈ, અમે કચ્છમાં છીએ ને શું અહીં નથી ? અમે તો તમારી પાસે જ છીએ. માટે તમે કચ્છમાં આવવાનો સંકલ્પ મૂકી દઈ મહારાજને સંભારો. અમે આજથી છઠ્ઠે દિવસે તમને ધામમાં તેડી જઈશું.'' આટલું કહી અદૃશ્ય થઈ ગયા.

પછી રામજીભાઈએ સગાંસંબંધીને કહ્યું જે, ''બાપા મને આજથી છઠ્ઠે દિવસે તેડવા આવશે. માટે મારે હવે કચ્છમાં જવું નથી.'' ખરેખર જેમ જણાવ્યું હતું તેમ

બરાબર છઠ્ઠે દિવસે બાપાશ્રી તેમને તેડી ગયા.

● ● ●

સંવત ૧૯૬૨માં જ્યારે બાપાશ્રી સંઘ લઈ અમદાવાદ પધાર્યા ને ત્યાંથી વડતાલ જઈ વાડીમાં ઉતારો કર્યો હતો. ત્યાં કાણોતરના બાપુભાઈ ભરવાડે આખી રાત સંઘના ઉતારા ફરતી ચોકી ભરી. તેમને સવારે બાપાશ્રીએ રાજી થઈને કહ્યું જે, "વર માગો, જે માગો તે આપીએ. અમે તમારી ઉપર બહુ પ્રસન્ન થયા છીએ." ત્યારે બાપુભાઈએ માગ્યું જે, "બાપા, આ સંઘ લઈ આપ કાણોતર પધારો." બાપાશ્રીએ કહ્યું, "બાપુભાઈ, આ સંઘ સહિત તમારે ગામ બરાબર આજથી બે મહિને આવીશું."

બાપુભાઈ વિચારમાં પડ્યા કે બાપાશ્રી અહીંથી કચ્છમાં જવાના છે તો બે મહિને ફરી પાછા કાણોતર સંઘ લઈને કેવી રીતે આવશે ? પણ,

"એનાં આપેલાં વરદાનો ખોટાં હોય નહીં."

બરાબર બે મહિને બાપાશ્રીએ બાપુભાઈને સંઘે સહિત મહારાજ સાથે દર્શન આપ્યાં અને તેમને બાપુભાઈને ધામમાં તેડી ગયા.

● ● ●

બાપાશ્રી વૃષપુરમાં મોટા મોટા યજ્ઞ કરતા. તેમાં જે કોઈ આવતા, દર્શન કરતા, પ્રસાદી જમતા એ સૌને બાપાશ્રી આત્યંતિક કલ્યાણના આશીર્વાદ આપતા. એક સમયે વાંકાનેરનાં એક ગુણબુદ્ધિવાળાં ડોસી યજ્ઞમાં કોઈ સત્સંગી સાથે આવેલાં. તેથી તે પણ આવા અલૌકિક આશીર્વાદમાં આવી ગયેલાં. જ્યારે આ ડોસીનો દેહાંત સમો આવ્યો ત્યારે તેમનો એકનો એક છોકરો જે અમદાવાદ નોકરી કરતો તેને બાપાશ્રીએ દર્શન દઈને કહ્યું જે, "તારા માતુશ્રીને અમે બે મહિને તેડવા આવીશું માટે તારે જવું હોય તો ઘેર જા." છોકરો ખાતરી કરવા ઘરે ગયો ને બાપાશ્રી ખરેખર કહેલા સમયે ડોસીમાને ધામમાં તેડી ગયા.

આવા તો અનેકના કેવળ કૃપાએ બાપાશ્રીએ કામ કર્યાં છે.

## ૪. શ્રીજીમહારાજ પાસે ધામમાં લઈ જતા રખાવ્યા હોય

સંવત ૧૯૪૨માં બાપાશ્રી સંઘ લઈ નીકળેલા. સંઘ ધોળકા પહોંચ્યો તે સમયે બાપાશ્રીએ અંતર્યામીપણે જાણ્યું જે, 'નંદપંક્તિના છેલ્લા સંત શ્રી ધ્રુવાનંદ સ્વામીને જેતલપુર મહારાજ આજે તેડવા જવાના છે.'

તેથી બાપાશ્રીએ મહારાજને પ્રાર્થના કરી જે, "હે મહારાજ ! આ સંઘ જેતલપુર પહોંચે પછી બે દિવસ પછી જો સ્વામીને ધામમાં તેડી જાવ તો સંઘને સ્વામીનાં દર્શન થાય." અને બાપાશ્રીની પ્રાર્થના મુજબ બે દિવસ પછી સંઘ જ્યારે જેતલપુર આવ્યો ત્યારે સૌને દર્શન થયાં પછી શ્રીજીમહારાજ સ્વામીને તેડી ગયા.

• • •

સંવત ૧૯૫૭ની સાલમાં લુણાવાડાના પ્રોફેસર કાશીરામભાઈને શ્રીજીમહારાજ દર્શન દઈ કહી ગયા કે, "આજથી ચોથે દિવસે રાત્રે સવા આઠ વાગ્યે અમે તમને તેડી જઈશું." પછી તેમણે તેમના મોટા ભાઈ રણછોડલાલભાઈ જે મોરબીના સરન્યાયાધીશ હતા તેમને તાર કરીને તેડાવી લીધા ને આ બધી વાત કરી. રણછોડલાલભાઈને થોડું દુઃખ થયું કે હજુ કાશીરામભાઈ નાના છે તેથી મહારાજ તેડી ન જાય તો સારું. તેથી તેમણે દિવ્યભાવે બાપાશ્રીને પ્રાર્થના કરી કે, "કાશીરામભાઈને હમણાં તેડી જશો નહીં." તેથી આપેલી મુદત પ્રમાણે શ્રીજીમહારાજ તો કાશીરામભાઈને તેડવા ન આવ્યા.

તેમણે વિચાર્યું જે આમ કેમ થયું ? તેથી તેમણે શ્રીજીમહારાજને પ્રાર્થના કરી. ત્યારે શ્રીજીમહારાજે દર્શન દઈને કહ્યું, "તમારા મોટા ભાઈની અપીલ અમારી પાસે અક્ષરધામમાં આવી છે. તેથી અમારાથી તમને તેડી નહિ જવાય કારણ કે તેમને વશ અમારા અનાદિમુક્ત બાપાશ્રી છે ને એમને વશ અમે છીએ. માટે એમના દ્વારા પ્રાર્થના અમારી પાસે પહોંચી છે. હવે તો જો રણછોડલાલભાઈ રજા આપે તો તેડી જઈએ." એમ કહી શ્રીજીમહારાજ અદૃશ્ય થઈ ગયા.

સવારે કાશીરામભાઈએ રાત્રે મહારાજ સાથે થયેલી વાત તેમના મોટા ભાઈને કરી અને કહ્યું જે, "મોટા ભાઈ, મારે કોટિ ઉપાયે હવે રહેવું નથી. માટે તમે રાજી થઈને રજા આપો તો મહારાજ મને તેડી જાય." એમ બે દિવસ પ્રાર્થના કરી ત્યારે

રણછોડલાલભાઈએ રજા આપી. ત્યારપછી શ્રીજીમહારાજ ને બાપાશ્રી દર્શન આપી તેમને તેડી ગયા.

કેવો ગજબનો પ્રૌઢ પ્રતાપ ગણાય !

## ૫. કોઈને બદલે કોઈને ધામમાં લઈ ગયા હોય

સંવત ૧૯૫૮માં અ.મુ. સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીને અવરભાવમાં કમળી થઈ ગયેલી. તેથી બાપાશ્રી પાસે જઈ દેહ પાડવો તેવા ઈરાદાથી બાપાશ્રી પાસે વૃષપુર આવ્યા. બાપાશ્રીએ તેમને બાજરાનો રોટલો જમાડી સાજા કર્યા. તેમની સાથે આવેલા શ્રી ભગવત્ચરણદાસજી સ્વામીના નવા સાધુ બળદેવચરણદાસજી સ્વામી માંદા પડ્યા. પણ તેમને વાસના ઉદય થઈ તેથી પૂર્વના સગાંને સંભારવા માંડ્યા. બાપાશ્રીએ પાસે જઈ મહારાજનાં દર્શન કરાવી બધું ભુલાવી દીધું ને સદ્. ઈશ્વરસ્વામીના બદલે તેમને ધામમાં લઈ ગયા.

• • •

સંવત ૧૯૭૯ની સાલમાં ધ્રાંગધ્રાના શ્રી લીલાધરભાઈ સોની કુટુંબે સહિત વૃષપુર ગયા હતા. ત્યાંથી પાછા આવતાં બાપાશ્રી પાસે દર્શન કરવા ગયા. તેમના નાના દીકરા મોહનનું કાંડું ઝાલી બાપાશ્રી બોલ્યા જે, ‘‘તને તો અમારે સેવામાં રાખવો છે.’’ એમ કહી કાંડું મૂકી દીધું પણ કોઈ સમજી ન શક્યા. પછી તો સૌ ઘરે ગયા. બે વર્ષ પછી મોહનને મંદવાડ થઈ ગયો. તેને બાપાશ્રીએ દર્શન આપીને કહ્યું જે, ‘‘તને પૂનમના રોજ બપોરે ૧૨ વાગ્યે તેડી જઈશું.’’ એમ કહીને અદશ્ય થઈ ગયા. આ વાત મોહને તેના પિતાને કરી.

લીલાધરભાઈ સોની આ જાણી ઉદાસ થઈ ગયા ને તાર ઑફિસમાં જઈ બાપાશ્રીને તાર કરાવ્યો જે, **‘‘મોહનના બદલે મને લઈ જાવ પણ એને રાખો.’’** બે દિવસ પછી બાપાશ્રીએ તારનો ઉત્તર તારથી જ અપાવ્યો કે, **‘‘તમારી પ્રાર્થના મંજૂર.’’**

અને ખરેખર મોહન બેઠો થયો અને તેમના પિતા લીલાધરભાઈને બાપાશ્રી એ જ સમયે શ્રીજીમહારાજ સાથે દર્શન દઈ તેડી ગયા.

આ અદલોબદલો કરવાની અલૌકિક રીત જોઈ તાર માસ્તર મણિલાલ સત્સંગી થયા.

• • •

સંવત ૧૯૬૪માં કાણોતરના બાપુભાઈનો દીકરો નઘો માંદો પડ્યો. તેના દાદા બોઘા પટેલ ખાટલા પાસે હતા ને નઘાને શ્રીજીમહારાજે ને બાપાશ્રીએ દર્શન દીધાં ને કહ્યું, ''ચાલ અક્ષરધામમાં.'' તેણે તેના દાદાને આ વાત કરી. તેમને નઘા ઉપર બહુ હેત હતું.

તેથી નઘાને કહ્યું, ''નઘા, તું બાપાને વાત કર કે તારા બદલે મને લઈ જાય.''

નઘાએ બાપાશ્રીને આ અરજી કરી. બાપાશ્રીએ કહ્યું, ''તારા દાદા ખાટલા ફરતા પાંચ પ્રદક્ષિણા કરી પાંચ દંડવત પ્રણામ કરીને પ્રાર્થના કરે જે, નઘાને બદલે મને લઈ જાવ તો લઈ જઈએ.''

બોઘા પટેલે કહ્યું હતું તેમ પાંચ પ્રદક્ષિણા ને પાંચ દંડવત કરી પ્રાર્થના કરી કે, ''હે બાપા ! હું બહુ રાજી છું ને તમે નઘાને બદલે મને ધામમાં તેડી જાવ.''

એમ કહેતાંની સાથે જ નઘો ખાટલામાંથી બેઠો થયો ને બોઘા પટેલને મહારાજ ધામમાં તેડી ગયા.

## ૬. અનહદ કૃપાના ધોધ વહાવ્યા

સંવત ૧૯૬૨માં બાપાશ્રી આખો સંઘ લઈ કચ્છમાંથી અમદાવાદ આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજના જનોઈ પ્રસંગે પધારેલા. ત્યાંથી સંઘ વડતાલ પહોંચ્યો. ત્યાં આંબાવાડિયામાં ગોમતીજીના કાંઠે ઊતરેલા. તે સમયે રાત્રે ઠાસરાના ગોપાળલાલભાઈ સૂબા કે જેઓ અખંડ મહારાજની મૂર્તિ દેખતા અને મહારાજ સાથે વાતો પણ કરતા. જેમની આવી પ્રસિદ્ધિ સંપ્રદાયના ઘણા સંતો-હરિભક્તો પણ જાણતા. તેમને શ્રીજીમહારાજે દર્શન દઈ કહ્યું જે, ''હે ગોપાળલાલભાઈ ! અમે જેના દ્વારા અત્યારે સત્સંગમાં વિચરીએ છીએ તેવા અમારા અનાદિમુક્ત અત્યારે વડતાલ સંઘ લઈને આવ્યા છે માટે તમે જાવ. તેમનાં દર્શન-સમાગમ કરી તેમને રાજી કરજો. તેમનો મહિમા સમજી તેમની સેવા કરજો. એમની સેવા એ અમારી સેવા તુલ્ય સમજજો; એવો જ દિવ્યભાવ રાખી એમને રાજી કરજો.'' ઈત્યાદિ ઘણાં વચનો કહી શ્રીજીમહારાજ અદૃશ્ય થઈ ગયા.

ગોપાળલાલભાઈ એ જ સવારે વડતાલ પહોંચ્યા. ત્યાં જઈ બાપાશ્રીનો ખૂબ મહિમા સમજી રાજી કર્યા. પછી તેમણે વિચાર કર્યો કે, 'આવા મોટાપુરુષનો યોગ

વારંવાર થતો નથી. મને તો બહુ મોટો લાભ મળી ગયો પણ બીજા તેમને નહિ ઓળખનારા તો ઘણા રહી જશે. માટે કંઈક એવું કરું કે તેમાં ઘણાનું કામ થઈ જાય.'

તેવા વિચારથી બજારમાં જઈ મૂળાનો ભારો લઈ આવ્યા ને બાપાશ્રી આગળ મૂક્યો. બાપાશ્રીને કહ્યું, ''હે બાપાશ્રી, આપ ઘણા જીવોનાં કલ્યાણ માટે પધાર્યા છો તો આ મૂળા ઉપર હાથ મૂકી કંઈક વર આપો.''

કૃપાના સાગર સમા બાપાશ્રી ગોપાળલાલભાઈનો નિર્દોષભાવ જોઈ ખૂબ પ્રસન્ન થયા. તેમણે મૂળા ઉપર બંને હસ્ત મૂકી વર આપ્યો, ''જાવ, જે જે જીવ આ મૂળાની પ્રસાદી જમશે તેને શ્રીજીમહારાજ ધામમાં લઈ જશે.''

દેહધારીને આ વાતની ગેડ્ય ન પડે. એમ થાય કે આવું બને ? પણ બન્યું. ગોપાળલાલભાઈએ આ મૂળાને ઝીણા સુધરાવી વડતાલ સમૈયામાં પણ ઘણાને પ્રસાદી વહેંચી ને પોતાને ગામ ઠાસરા પણ લઈ ગયા. ત્યાં મંદિરમાં ઘણાને તેડાવી તેમણે સભામાં બાપાશ્રીના મહિમાની વાત કરી ને આ મૂળાની પ્રસાદી વહેંચી.

એમાં એક વાણિયાના બે છોકરા આવેલા. તેમણે પણ પ્રસાદી લીધી ને જમ્યા. હવે એમાં એકાદ વર્ષ પછી મોટો ભાઈ માંદો પડ્યો. તેનો દેહાંત સમો આવ્યો ને શ્રીજીમહારાજે તથા બાપાશ્રીએ દર્શન દીધાં ને કહ્યું, ''છોકરા, તેં અમારી મૂળાની પ્રસાદી લીધી હતી માટે ચાલ અક્ષરધામમાં.'' તેણે આ વાત તેના ભાઈને કરી. તેણે પૂછ્યું કે, ''ભાઈ, મારું તો પૂછી જો. પ્રસાદી તો મેંય લીધેલી.'' બાપાશ્રીએ કહ્યું, ''બરાબર બાર મહિને એને પણ અમે તેડવા આવીશું.'' આમ, આપેલી અવધિ પ્રમાણે શ્રીજીમહારાજ અને બાપાશ્રી તેને પણ દર્શન દઈ તેડી ગયા.

● ● ●

સંવત ૧૯૫૧માં અ.મુ. સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી કપડવંજ પધારેલા. ત્યાં તેમણે બાપાશ્રીના મહિમાની સભામાં વાત કરી. તે વખતે મોઢ બ્રાહ્મણ શ્રીકૃષ્ણના દીકરા ચુનીલાલ કે જે મુંબઈ ભણતા તે સભામાં બેઠેલા. તેમણે આ વાત સાંભળી. તેમને બાપાશ્રી પ્રત્યે અહોભાવ થયો ને દર્શનની તીવ્ર ઇચ્છા જાગી. તેમણે સદ્ગુરુશ્રીને વિનંતી કરી કે, ''આપ મારી સાથે આવો તો મારે કચ્છમાં બાપાશ્રીનાં દર્શન કરવા જવું છે.'' સદ્ગુરુશ્રીએ કહ્યું, ''અમે હમણાં જ જઈ આવ્યા છીએ. માટે આવતા વર્ષે અમે જઈશું ત્યારે તમને મુંબઈ ટપાલ લખીશું. તમો ત્યાં

આવી જજો; તમારું સરનામું અમને આપો.''

એ મુજબ સદ્‌ગુરુશ્રી બીજે વર્ષે કચ્છમાં ગયા ને તેમણે ચુનીલાલને કચ્છમાં દર્શને આવવા ટપાલ લખી. ચુનીલાલનો જવાબ આવ્યો કે, ''મારી અત્યારે પરીક્ષા ચાલે છે માટે એ પતાવીને હું આવીશ. પણ બાપાશ્રીને પૂછીને એટલું મને જણાવજો કે હું મુંબઈથી સીધો કચ્છમાં આવું કે ઘરે જઈને પછી આવું તો ચાલશે ?''

સદ્‌ગુરુશ્રીએ બાપાશ્રીને બધી વાત કરી. ''આ બાબતે ચુનીલાલ શું કરે ?'' તેમ પૂછ્યું. બાપાશ્રીએ કહ્યું, ''લખી નાખો કે ઘરે જઈને આવે.'' એ મુજબ તે ઘરે ગયા અને ઘરે જઈ માંદા પડ્યા.

શ્રીજીમહારાજે અને બાપાશ્રીએ સદ્‌ગુરુશ્રી સાથે તેને દર્શન દીધાં ને કહ્યું, ''ચાલ અમારા ધામમાં.'' તેમણે તેમના પિતાશ્રીને આ વાત કરી. તેઓએ કહ્યું, ''પણ તેં તો એમને જોયાય નથી તો તેં તેમને ઓળખ્યા કઈ રીતે ?'' ત્યારે તેમણે કહ્યું, ''એ તો ઓળખાવનારાએ ઓળખાવ્યા.'' એમ કહી તેઓ ધામમાં સિધાવી ગયા.

જેમણે દર્શન પણ નથી કર્યાં; કેવળ એક દર્શનની ઈચ્છા અને વાત સાંભળી ગુણ આવેલો. માત્ર તેટલામાં બાપાશ્રીએ તેમના પર અનહદ કૃપા કરી દીધી.

● ● ●

લીંબડી દરબાર દોલતસિંહ એટલે ખૂબ વ્યવહારુ અને વિચક્ષણ બુદ્ધિવાળા. વળી રજવાડી એટલે બધાં વ્યસનો અને પાપથી પૂરા. પણ એમના દીવાન ઝવેરભાઈ બાપાશ્રીના યોગમાં આવી ગયેલા.

એક દિવસ તેમણે દોલતસિંહ દરબાર આગળ વાત મૂકી કે, ''મને રજા આપો તો તમે કેવળ જેમનાં દર્શન કરો ને તમારો મોક્ષ કરે એવા એક સત્પુરુષ છે તેમને હું દરબારમાં લઈ આવું.''

દરબાર હસ્યા. અશક્ય લાગ્યું. પણ છતાંય ઝવેરભાઈ ઉપર પૂરો વિશ્વાસ તેથી લાવવાની હા પાડી.

બાપાશ્રી એ જ અરસામાં એટલે કે લગભગ સંવત ૧૯૮૨માં મૂળી પધારેલા. ઝવેરભાઈએ બાપાશ્રીને તથા સદ્‌ગુરુશ્રીઓને દોલતસિંહ દરબારના મોક્ષ માટે લીંબડી પધારવાની વાત કરી.

બાપાશ્રીએ કૃપા કરી હા પાડી ને મોટા મોટા મૂળી ને અમદાવાદના ત્રીસ

સદ્‌ગુરુશ્રીઓ સાથે બાપાશ્રી લીંબડી પધાર્યા. સૌ બિરાજ્યા. બાપાશ્રીનું દોલતસિંહ દરબારે જ્યાં ચંદન ચર્ચી પૂજન કર્યું ત્યાં તો તેમના અંતરમાં શાંતિ શાંતિ થઈ ગઈ. પછી ઝવેરભાઈના કહેવાથી બાપાશ્રીને વાતો કરવાનું કહ્યું. ત્યારે બાપાશ્રીએ કહ્યું, “હે દરબાર, અમારી વાતો તમને નહિ સમજાય પણ તમારો દેહાંત સમો આવે ત્યારે અમને યાદ કરજો. અમે તમને ધામમાં તેડી જઈશું.”

દરબાર બહુ પાકા હતા. તેથી તેઓએ કહ્યું, “બાપા, આ તો વાયદાનો વેપાર થયો. અમારા રજવાડી માણસના દેહનો શો નિરધાર ? તમો એ વખતે ન સાંભરો તો... તો ! માટે એમ વાયદાની વાત નહિ, રોકડાની વાત કરો.”

બાપાશ્રી અઢળક ઢળ્યા અને બોલ્યા, “દરબાર, જાવ અમને તમે સંભારો કે ન સંભારો પણ તમારા દેહાંત સમયે અમે ને શ્રીજીમહારાજ તમને સંભાળી લઈશું.” આમ કહી આશીર્વાદ આપ્યા.

અને બનેલું પણ એવું જ. દોલતસિંહ દરબારના દેહાંત સમયે મહારાજ અને બાપાશ્રી તેમને દર્શન દઈ ધામમાં તેડી ગયા.

## ૭. ભૂત-પ્રેતાદિકને પણ તાર્યાં

સંવત ૧૯૭૧ની સાલમાં શ્રીજીમહારાજ જ્યાં કાળી તલાવડી ઉપર આવી સ્નાન કરી બિરાજતા એ જ સ્થળે માતુશ્રી દેવબાને શ્રીજીમહારાજે તેજોમય દર્શન આપેલાં. તે સ્થળે બાપાશ્રીએ છત્રી કરી ચરણારવિંદ પધરાવવાનો સંકલ્પ કર્યો. પણ ત્યાં અસંખ્ય ભૂતોનો ઉપદ્રવ હતો. જેથી રાત પડ્યા પછી કોઈ ત્યાં જઈ ન શકતા. જેથી બાપાશ્રીએ તે બધા ભૂતોનો મોક્ષ કરી તે સ્થાનને નિર્ભય કરવાનો સંકલ્પ કર્યો.

બાપાશ્રીએ અધમણ ગૉળ ને સાકર મગાવ્યાં, ઠાકોરજીને ધરાવ્યા ને “સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...” કહી ઉપર આકાશમાં પ્રસાદી નાખવા માંડી. પ્રસાદીની એક પણ ગાંગડી નીચે ન પડતી; બધાં ભૂતો ઉપરથી જ પ્રસાદી લઈ લેતા. આમ બાપાશ્રીએ એ સ્થાનમાં રહેતા હજારો ભૂતોનો મોક્ષ કર્યો.

●●●

એક વખત સદ્‌ગુરુશ્રીઓ અમદાવાદથી વૃષપુર પધારેલા. બાપાશ્રી પણ તે

દિવસે વાડીએ સૂવા નહિ જતાં મંદિરમાં સદ્‌ગુરુશ્રી પાસે સૂતેલા.

રાત્રિનો દોઢ વાગેલો. બાપાશ્રી ઊભા થયા. સદ્‌ગુરુશ્રી બેઠા બેઠા માળા ફેરવતા હતા. ઊઠીને બાપાશ્રીએ પાઘડી બાંધવા માંડી, ચરણમાં જોડા પહેર્યા અને ચોફાળ ઓઢ્યો ને કહ્યું, ''વાડીમાં સુવર પેસી ગયા છે, તે આવીએ છીએ.'' આમ કહી વાડીએ જવા નીકળ્યા.

રસ્તામાં એક જન (ભૂત) રહેતો. જેસંગિયો જેનું નામ પડેલું. જે કોઈ રાત્રે બાર વાગ્યા પછી નીકળે તેને પોતાનો આહાર કરી પંક્તિમાં ભેળવી દેતો એટલે રાત્રે કોઈ ત્યાંથી પસાર ન થતા.

આજે બાપાશ્રી એના મોક્ષ માટે જ જાણીને નીકળ્યા. છેટેથી બાપાશ્રીને આવતા જોયા ને જેસંગિયો રાજી થઈ ગયો. જાણે ઘણા દિવસે ખોરાક મળશે. પણ બાપાશ્રી જ્યાં નજીક આવ્યા ને એકદમ તેજ છૂટ્યું. જેસંગિયો અંજાઈ ગયો. બાપાશ્રી ત્યાંથી પસાર થઈ ગયા. જેસંગિયાએ જાણ્યું, 'છે કોઈ ઓલિયા પુરુષ.' એમ માની ધૂળમાં પડેલા ચરણારવિંદમાં જઈ આળોટ્યો અને બુદ્ધિ નિર્મળ થઈ ગઈ. કરેલા કૃત્યનો પસ્તાવો થયો.

બાપાશ્રી પાછા વળ્યા. સામે હાથ જોડીને ઊભો ને પસ્તાવો કરવા લાગ્યો, ''મારું રૂડું કરો... મને છોડાવો...'' એમ પ્રાર્થના કરી.

બાપાશ્રી અઢળક ઢળ્યા ! ''જા, બદ્રિકાશ્રમમાં.'' કહી દીધું. જેસંગિયાએ કહ્યું, ''પણ દયાળુ, જ્યાં આપ હો ત્યાં મૂકો. બીજે તો મને કોઈ ઓળખે નહિ કે હું કોઈને ઓળખું નહીં.'' બાપાશ્રીએ કહ્યું, ''જા અક્ષરધામમાં.'' ઓઢેલો ચોફાળ અડાડી આશીર્વાદ દીધો.

''પણ હું એક નથી. અમે ત્રણસો છીએ...''

એમના ઘરે ક્યાં ખોટ હતી ? કહેતાં એકસાથે ત્રણસોને પછેડી અડાડી અક્ષરધામમાં મોકલ્યા !

કેવો પ્રતાપ હશે એ બાપાશ્રીનો ! આજે પણ એ સ્થળે પ્રસાદીનો ઓટો છે.

## ૮. અતિ દયાળુ સ્વભાવ

માનકૂવા ગામના પાદરમાં હનુમાનજીની દેરી.

બાપાશ્રી ભૂજના મોટા મોટા અમલદારો ભોગીલાલભાઈ, ધનજીભાઈ કોટવાલ તથા અન્ય કેટલાક હરિભક્તો સાથે સભા કરીને બેઠેલા.

એ જ વખતે એક વિરોધીએ છેટે ઊભા રહીને દુશ્મનાવટથી તથા દાઝથી બાપાશ્રીને એક છૂટો પથરો માર્યો.

ધાર્યું તો ધણીનું જ થાય છે. પથરો છેટે જઈ પડ્યો. બાપાશ્રીને કે કોઈને વાગ્યો નહીં. પણ પથરો મારનારને બધાએ જોયો ને ઓળખ્યોય ખરો.

સભામાં સહુનાં હૈયાં પર તમોગુણ વ્યાપી ગયો અને સંકલ્પો કરવા માંડ્યા પકડાવવાના, બંધાવવાના, જેલમાં પુરાવવાના અને માર મરાવવાના. ભૂજના મોટા અમલદારો પણ સાથે હતા. એ સમસમી રહ્યા હતા.

ત્યાં જ બાપાશ્રી ઊઠ્યા. છેટે પડેલા એ પથ્થર પર ચરણ મૂક્યો ને બધાને કહ્યું, “આ પથરો મારનારનું કર્મ જોઈએ તો કોટિ કલ્પે પણ કલ્યાણ ન થાય. પણ એણે એનું કામ કર્યું. આપણે તો સારો સંકલ્પ કરો કે, **હે મહારાજ, આ પથરો મારનારનું આપ કુટુંબે સહિત કલ્યાણ કરજો.**”

કેવી અજબની દયાદૃષ્ટિ કહેવાય !

સમર્થ થકા જરણા કરવી એ જ મહાનતા. આવી મહાનતા હતી આપણા બાપાશ્રીમાં.

• • •

સંવત ૧૯૭૦ની સાલ. વૃષપુરમાં એક ખોજાને મહારોગ ટી.બી. થઈ ગયેલો. ડૉક્ટરો અને વૈદો છૂટી પડેલા. કોઈએ છોકરાને બાપાશ્રીનાં દર્શન કરવા લઈ જવા ભલામણ કરી.

એનો બાપ છોકરાને માંચીમાં ઉપડાવી બાપાશ્રી પાસે લાવ્યો અને પ્રાર્થના કરી, “મારે આ એક જ છોકરો છે માટે તેનો રોગ મટાડો. સાજો કરો... દયાળુ ! દયા કરો.”

બાપાશ્રીએ દયા કરી. એમને મન હિંદુ-મુસ્લિમના ભેદ નહોતા. બાપાશ્રી ઘરમાં જઈને તે દિવસે રસોડામાં બનાવેલું પોણો શેર વાલોળનું શાક લઈ આવ્યા ને છોકરાને આપ્યું ને કહ્યું, “છોકરા, લે આ તારી દવા. બધું શાક જમી જા તો બધો રોગ મટે ને થોડું જમે તો થોડો મટે. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કહી

જમાડી દે. શ્રીજીમહારાજ મટાડી દેશે.''

છોકરો બધું શાક જમી ગયો અને એ જ મિનિટે શરીરમાં નવી સ્ફૂર્તિ આવી ને છોકરો ચાલીને ઘરે ગયો. પછી તો મહારાજનો અને બાપાશ્રીનો ખૂબ મહિમા સમજાયો.

બીજે વર્ષે સંવત ૧૯૭૧માં બાપાશ્રીએ બળદિયામાં મોટો યજ્ઞ કરેલો. તેમાં આ ખોજાએ પોતાનાં નવાં મેડીબંધ મકાન કરેલાં તે બધાં ઉતારા માટે આપેલાં. જેમાં ભૂજના અમલદારો ઊતરેલા. તેમણે ખોજાને પૂછ્યું કે, ''મુસલમાન થઈ આ યજ્ઞમાં કેમ ઉતારા આપ્યા ?''

''ભાઈસા'બ, આ બાપાશ્રીએ મને નવું જીવન આપ્યું છે. તેમના પ્રતાપે તો હું જીવતો છું. માટે જેટલું કરું તેટલું ઓછું છે.'' એમ કહી તેમણે બધી વાત કરી.

દેહના અને જીવના રોગ મટાડનારા સાચા મલમી હતા આપણા બાપાશ્રી !

## ૯. સંકલ્પ સિદ્ધ કરે

સંવત ૧૯૪૨ની સાલ. બાપાશ્રી અમદાવાદ પધારેલા. અ.મુ. સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીના કહેવાથી અમદાવાદના શેઠ ચીમનલાલભાઈને બાપાશ્રીનો મહિમા સમજાયો.

તેઓ બાપાશ્રીને પોતાના ઘરે પધરામણીએ લઈ ગયા અને હાથ જોડી વિનય વચને પુત્રની ઈચ્છા જણાવી.

બાપાશ્રી તેમનું નિર્માનીપણું જોઈ રાજી થઈ ગયેલા એટલે શબ્દો મુખમાંથી સરી પડ્યા, ''જાવ, મહારાજ તમારી ઈચ્છા પૂરી કરશે.''

આશીર્વાદ આપ્યો, ફળ્યો અને ઘરે પુત્રનો જન્મ થયો. જે શ્રી જેઠાલાલભાઈ પ્રોફેસર તરીકે જાણીતા બન્યા હતા.

●●●

સંવત ૧૯૮૨ની સાલ. બાપાશ્રી અમદાવાદ પધારેલા. દરિયાપુર રૂપાફળીમાં શ્રી શંકરભાઈ ગજ્જર રહેતા. પોતે શ્રીજીમહારાજના આશ્રિત નહીં. પણ તેમના પુત્ર શ્રી બેચરભાઈ સત્સંગી ને વળી બાપાશ્રીની સાથે હેત. તેથી તેમની ઈચ્છાથી તેમને ત્યાં બાપાશ્રીને તથા સાથેના સાત-આઠ હરિભક્તોને ઠાકોરજી જમાડવાનું

આમંત્રણ આપેલું. આઠ-દસ જણની રસોઈ તૈયાર કરાવી. સાંજે સંધ્યા આરતી પછી બાપાશ્રી પધાર્યા પણ પચાસ-સાઠ હરિભક્તો સાથે. બાપાશ્રીએ મેડા ઉપર જઈ બધાને જમવા બેસાડી દીધા. બનાવેલી રસોઈ ઉપર લૂગડું ઢાંકી દીધું ને બીજા વાસણમાં કઢાવી પિરસાવવા માંડ્યું. આજુબાજુના પાડોશી જે દર્શન કરવા આવે તેનેય જમવા બેસાડી દીધા.

શંકરભાઈ જે બેચરભાઈના પિતાશ્રી તેમને બહુ મહિમા નહિ ને મૂંઝાય : 'શું જમાડશે ? અરરર... પહેલું કહ્યું હોત તો ? આબરૂ તો ન જાત.' આમ વિચારી નીચે જ બેસી રહેલા.

પણ ઉપર તો જય બોલાઈ અને જમવાનું ચાલુ થયું. શંકરભાઈને વિચાર આવ્યો, 'લાવ, જોઉં તો ખરો બધા શું જમે છે ?'

ઉપર જઈ જોયું તો બધાની થાળીમાં પૂરું પીરસાયેલું ને બધા ધરાઈને જમ્યા. તેમને પણ અહોહોભાવ થઈ ગયો : "વાહ ! બાપા વાહ !"

તેઓ બાપાશ્રીના ચરણમાં પડ્યા. તેમને ઊભા કરતાં બાપાશ્રીએ કહ્યું, "શંકરભાઈ, માગો." ત્યારે શંકરભાઈએ સંકલ્પ કરેલો તે કહ્યો, "બાપા, મારા બેચરને ત્યાં પારણિયું બંધાય ને પુત્ર જન્મે એવા આશીર્વાદ આપો." બાપાશ્રીએ કહ્યું, "જાવ, શ્રીજીમહારાજ જરૂર પુત્ર આપશે." હજુય એ આશીર્વાદથી જન્મેલા પુત્ર પ્રવીણભાઈ ગજ્જર હયાત છે.

બેચરભાઈએ સંકલ્પ કરેલો કે, 'બાપા મારે ત્યાં સૂવે તો સારું.' તેથી નીચે આવી ઢોલિયો ઢાળેલો ત્યાં બાપાશ્રી થોડી વાર પોઢ્યા. જે ગાડી તેમને લેવા આવવાની હતી તે બગડી તેથી રાત્રે અગિયાર વાગ્યા સુધી પોઢ્યા ને ભક્તનો સંકલ્પ પૂરો કર્યો.

આવા તો અનેકાનેક ભક્તોના મનોરથો બાપાશ્રીએ પૂર્ણ કર્યા છે અને આજે પણ હેતવાળાના કરતા હોય છે.

## ૧૦. વચનસિદ્ધિપણું

સંવત ૧૯૫૫ની સાલ. બાપાશ્રી ઉપરદળ ગામે રામજીભાઈને મંદવાડમાં દર્શન દેવા પધાર્યા. રામજીભાઈએ આગ્રહ કર્યો કે, "બાપા, આપ બે-ત્રણ મહિના

અહીં રહો. હું તમને નહિ જવા દઉં." બાપાશ્રીએ કહ્યું, "તમે અમને બે-ત્રણ દિવસમાં જ સામેથી જવાની રજા આપો તો ?"

એવું જ બન્યું. બાપાશ્રી ઉપરદળ પધાર્યા છે તેવા સમાચાર જાણતાં હજારો હરિભક્તો દર્શન કરવા ઊમટ્યા. દરેકને ઉતારા આપવા, જમવાની, પાણીની, સૂવાની વ્યવસ્થા કરવી કઠણ પડી ગઈ. શું કરવું ? રામજીભાઈ મૂંઝાયા અને અંતે બાપાશ્રીને કહેવું પડ્યું, "બાપા, હવે આપ મારી પર રાજી થઈ પધારો."

• • •

સંવત ૧૯૭૯ની સાલ. મૂળી મંદિરનો શતવાર્ષિક પાટોત્સવ આવી રહેલો. સંતો-હરિભક્તોને પાટોત્સવ ધામધૂમથી ઊજવવાનો આગ્રહ. પણ તે વખતે રિસીવર આવેલા. તેથી મંદિરમાંથી કોઈ ખર્ચ થાય તેમ નહોતો. આથી હરિભક્તોએ આખા પાટોત્સવનો ખર્ચ ઊભો કરવો પડે. બધા મૂંઝાય : "શું કરવું ? કેમ કરવું ?"

અંતે નક્કી થયું કે બાપાશ્રી કહે તેમ કરવું. તેથી સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામી બળદિયા પહોંચ્યા. બાપાશ્રીને વાત કરી ને રજા માગી કે, "આપ કહો તેમ કરીએ."

બાપાશ્રીએ કહ્યું, "પાટોત્સવ ખૂબ ધામધૂમથી થશે. મહારાજની ઇચ્છા છે તેથી શ્રીજીમહારાજ ભેળા ભળશે. વિઘ્નો આવશે પણ મહારાજ ટાળશે ને જયજયકાર થશે. માટે તૈયારી કરવા મંડી પડો. અમે પણ આવશું."

સદ્‌ગુરુશ્રીએ મૂળી જઈ બધાને શ્રીજીમહારાજની તથા બાપાશ્રીની ઇચ્છા જણાવી. વરસાદનું મોડું થયું, મનાઈહુકમ આવ્યો, બંધ રખાવવા ખોટા ખોટા તાર થયા. આવાં ઘણાં વિઘ્નો આવ્યાં પણ બાપાશ્રીએ કહેલું તેમ ખૂબ ધામધૂમથી પાટોત્સવ થયો અને ચારેબાજુ જયજયકાર થયો.

## ૧૧. ભક્તોની રક્ષામાં સદાય પ્રગટ

વૃષપુરના રામજી પરબત નામના કણબી ભક્તને ભૂજના સદ્. નિર્ગુણાનંદ બ્રહ્મચારી સાથે ઘણું હેત હતું. તેમણે આફ્રિકા કમાવા જવાનો સંકલ્પ કર્યો ને બ્રહ્મચારીને વાત કરી. બ્રહ્મચારીએ બાપાશ્રીની રજા લેવા બળદિયા મોકલ્યા. બળદિયા આવીને તેઓ બાપાશ્રીનાં દર્શન કરી બેઠા પણ ના તેમણે સામેથી પૂછ્યું કે ના બાપાશ્રીએ કંઈ

કહ્યું. તે તો ઊઠી પાછા ભૂજના બ્રહ્મચારી પાસે આવ્યા. બ્રહ્મચારી મહારાજે ફરી તેમને બાપાશ્રી પાસે પાછા મોકલ્યા ને રજા લઈને જ આવો એમ કહ્યું. તે તો ફરી બળદિયા આવ્યા. બાપાશ્રી તે વખતે ધ્યાનમાં બેઠેલા. થોડી વાર પછી ઊઠ્યા ને બધી વાત કરી. બાપાશ્રીએ કહ્યું, ''ભલે જાવ, પણ નિયમ-ધર્મ બરાબર પાળજો અને કંઈ તકલીફ પડે તો શ્રીજીમહારાજને તથા અમને સંભારજો.''

તેઓ નાઈરોબી ગયા. એક લાકડાંની કંપનીમાં નોકરીએ રહ્યા.

એમાં એક દિવસ લાકડાં લેવા આફ્રિકાના ઊંડા જંગલોમાં તેમને જવાનું થયું. જંગલમાં ઊંડા ઊતરી ગયા. ત્યાં ચાર મસાઈ લોકોએ તેમને પકડ્યા ને તેમના ઝુંબે લઈ જઈ પૂરી દીધા ને બહાર તાળું વાસી જતા રહ્યા.

તિરાડમાંથી બહાર પસાર થતી સ્ત્રીઓને તેમણે પૂછ્યું કે, ''મને શું કરશે ?'' તેમાંની એક સ્ત્રીએ કહ્યું કે, ''રાત્રે મારી નાખશે ને માંસ ખાઈ જશે.''

તેઓ તો ચિંતાતુર થઈ ગયા. એ જ વખતે તેમને બાપાશ્રીએ કહેલું કે, 'કંઈ તકલીફ આવે તો અમને યાદ કરજો' એ વાત યાદ આવી : ''હે મહારાજ, હે બાપા, મારી રક્ષા કરો... રક્ષા કરો...'' એવી આર્તનાદે પ્રાર્થના કરવા માંડી.

ત્યાં જ બાપાશ્રીએ દર્શન દઈ કહ્યું, ''રામજી, પડખે ત્રણ પાટિયાં સડી ગયેલાં છે. લાત મારો, તૂટી જશે. પછી ભાગો; અમે રક્ષા કરશું.''

એ પ્રમાણે લાત મારી બહાર નીકળી નાઠા. પાછળ મસાઈ લોકો આવી પહોંચ્યા. પણ બીજા માણસોનો સહારો મળતાં બચી ગયા ને નાઈરોબી પહોંચી ગયા.

• • •

અમદાવાદથી સદ્‌ગુરુઓ શ્રી ઈશ્વરચરણસદાસજી સ્વામી, શ્રી વૃંદાવનદાસજી સ્વામી, શ્રી ઘનશ્યામજીવનદાસજી સ્વામી આ બધા દર વર્ષે એકાદ-બે વખત અમદાવાદથી ગાડીમાં બેસી રાજકોટ થઈ, જામનગર થઈ કચ્છમાં બાપાશ્રીનો સમાગમ કરવા જતા.

એક વખત સદ્‌ગુરુશ્રીઓ ગાડીમાં બેઠેલા. વચ્ચે ટિકિટ ચેક કરનાર ટી.ટી. જ્ઞાતિએ જે મુસલમાન હતો ને મહંમદ જેનું નામ હતું તે ટિકિટ જોવા આવ્યો. સદ્‌ગુરુશ્રીને સહજભાવે પૂછ્યું, ''આપ કાયમ આ ટ્રેનમાં જાવ છો તે હું જોઉં છું.

તો આપ ક્યાં જાવ છો ?''

સદ્‌ગુરુશ્રીએ કહ્યું, ''અમારા ગુરુ કચ્છમાં બિરાજે છે, તેમનાં દર્શન કરવાં.''

''ઠેઠ કચ્છમાં ? દર વર્ષે ? તે એવા કેવા તમારા ગુરુ છે ?'' મહંમદે પૂછ્યું.

''બહુ મોટા... બહુ મોટા...''

''કેવા મોટા ?'' મહંમદ ટી.ટી.ને જાણવાની ઈચ્છા થઈ.

કેવી રીતે બાપાશ્રીની મોટપ તેને કહેવી ? તેથી સદ્‌ગુરુશ્રીએ કહ્યું, ''કંઈ જીવનમાં મુશ્કેલી આવે ને કોઈ ઊગરવાનો ઉપાય ન હોય ને તેમને જે ખરા દિલથી સંભારે તેની તે સમયે જરૂર રક્ષા કરે એવા મોટા...''

''અહોહો... જરૂર રક્ષા કરે ? શું નામ છે તમારા ગુરુનું ? મને તેમનો ફોટો તમારી પાસે હોય તો આપશો ?''

સદ્‌ગુરુશ્રીએ કહ્યું, ''એમનું નામ છે 'બાપા'. લે આ તેમની મૂર્તિ...'' એમ કહી પૂજાની નાનકડી મૂર્તિ આપી.

મહંમદ તો મૂર્તિ લઈ ચાલ્યો ગયો. ઘરે જઈ તે મૂર્તિ સાચવીને મૂકી.

એક દિવસ મહંમદ તકલીફમાં મુકાયો. વિરોધીઓએ ખોટી રીતે તેની સંડોવણી કરી ગુનેગાર ઠેરાવ્યો ને નોકરીમાંથી બરતરફ કરાવ્યો. મહંમદને પારાવાર મૂંઝવણ થવા માંડી. શું કરવું ? કેમ કરવું ? ગુજરાન કેમ ચલાવવું ? તે પ્રશ્ન થયો.

અને તેને બાપાશ્રી યાદ આવ્યા. ઘરમાં રાખેલી તેમની મૂર્તિ યાદ આવી. સદ્‌ગુરુવર્ય સંતોનાં વચન યાદ આવ્યાં. રાત પડી. ઘરમાં બાપાશ્રીની નાનકડી મૂર્તિ સામે મૂકી.

એકશ્વાસે ''બાપા... બાપા... બાપા...'' એમ યાદ કરવાનું ચાલુ કર્યું ને ભક્તરક્ષક બાપાશ્રીએ આવી દર્શન દીધાં. પછી બાપાશ્રીએ માથે હાથ મૂક્યો ને કહ્યું કે, **''હે મહંમદ ! મૂંઝાઈશ નહીં. ભગવાન સ્વામિનારાયણને અમે પ્રાર્થના કરીશું ને જરૂર તને પાછો નોકરીનો ઑર્ડર મળશે. ચિંતા ન કર...''** આટલું કહી અદૃશ્ય થઈ ગયા.

અને આઠ-દસ દિવસમાં મહંમદના હાથમાં રિ-ઍપૉઈન્ટમૅન્ટનો ઑર્ડર આવ્યો પણ ખરો. વાહ ! બાપા વાહ !

## ૧૨. સ્વભાવ બદલાવ્યાર. સ્વભાવ બદલાવ્યા

કુંભારિયાના શેઠ હરજીભાઈ કે જેમની ઝરિયામાં કોલસાની મોટી કૉલિયરી ચાલતી. ભક્ત બહુ સારા હતા પણ રજોગુણી ખરા. ભૂજ વર્ષે એક-બે વખત આવતા. તેઓ ઘણા દિવસ રહેતા પણ લહેરથી. તેઓનો મંદિરના ઉતારામાં જુદો ઉતારો. તેમને ઢોલિયા પર સૂવાનું. પાળા ફૂલકા રોટલી બનાવી તેમને જમાડતા. તેમના ન્હાવા માટે ગરમ પાણી કરી આપતા. પણ તેઓનું કથાવાર્તામાં બેસવાનું ઓછું.

તેમણે જમવામાં એક દિવસ દાળની વાડકીમાં દાળનું એક ફોતરું તરતું જોયું. તેથી તેઓ વીફર્યા : “અરરર... તમારે મને મારી નાખવો છે ? આ ફોતરું રહ્યું જ કેમ ?”

તેઓ લગભગ સિત્તેર વર્ષની ઉંમરે પણ સિત્તેર રૂપિયાના એ જમાનામાં જોડા પહેરતા. ટૂંકમાં, સહેજ પણ દેહને કારસો આવે તેવું બિલકુલ ન ચાલે એવું સુખી જીવન હતું એમનું.

સંવત ૧૯૫૦ની સાલ. બાપાશ્રી ભૂજ પધારેલા. હરજીભાઈની રૂમ પાસે જ બાપાશ્રીનો ઉતારો. ઓસરીમાં બેસી બાપાશ્રીએ વાતો કરવા માંડી. મૂર્તિ ધારી થતી વાતો હરજીભાઈ પોતાના ઉતારામાં સૂતાં સૂતાં સાંભળતા. તેમને અનુભવ થયો કે જાણે વાતો મારી પર જ થઈ રહી છે અને તેના લીધે ચોંટ લાગી. તેઓ બાપાશ્રી પાસે આવી બેઠા. થોડા દિવસ તેમણે કથા સાંભળી ને બાપાશ્રી સાથે વૃષપુર (બળદિયા) ગયા. તેમણે ખૂબ પસ્તાવો કર્યો.

તેમનું જીવન આખું પરિવર્તન પામી ચૂક્યું હતું. તેઓ સાવ સાદાં વસ્ત્ર પહેરતા થયા. તેઓ તાંસળામાં બાજરાનો રોટલો ચોળી માંહી છાસ નાખી પી જતા. તેઓ ભોંયપથારીએ સૂતા. તેઓ એક ટાઈમ જમતા ને આખો દિવસ ધ્યાન કરતા થયા.

તેમનું સમૂળું પરિવર્તન થઈ ગયું. બાપાશ્રીએ તેમને લોખંડમાંથી પારસ બનાવી દીધા. તેઓ બળદિયા બાપાશ્રીની પાસે ને પાસે જ રહેતા. તેમાં તેમને શ્રીજીમહારાજની મૂર્તિનું ખૂબ સુખ આવતું.

આવા હતા આપણા બાપાશ્રી. આવા તો હજારોનાં પરિવર્તન કરી નાખ્યાં હતાં જેમણે.

## ૧૩. સહજમાં મહારાજની મૂર્તિ આપી દે

જેમની એક એક ક્રિયા જ પરચારૂપ જણાતી. જેમના એક એક વાક્ય મૂર્તિમાં જોડી દેતા. ત્યાં શું વર્ણવવું ? જેનાં દર્શને, સ્પર્શે વિરોધીઓના વિરોધ સમી જતા. લૌકિક બુદ્ધિ જેમની આગળ બુઠ્ઠી થઈ જતી. તર્ક-વિતર્ક સમૂળા બંધ થઈ જતા. ઈન્દ્રિયો-અંતઃકરણની ધારા કુંઠિત નહિ પણ જીવ જોડનારની તો નિર્મૂળ થઈ જતી. ઘાટ-સંકલ્પોનો વિરામ થઈ જતો. સહજમાં મૂર્તિ આપી દેતા.

**ધોળકાના મહંત શ્રી બળદેવચરણદાસજી સ્વામી...**

બળદેવચરણદાસજી સ્વામી સદ્‌ગુરુશ્રીઓ સાથે એક વખત બાપાશ્રી પાસે આવ્યા. રોજ બાપાશ્રી સવાર-સાંજ જુદા જુદા સદ્‌ગુરુશ્રી પાસે વાતોનો લાભ અપાવતા. એમાં એક દિવસ બાપાશ્રીએ આ વયોવૃદ્ધ સંત શ્રી બળદેવચરણદાસજી સ્વામીનેય વાતો કરવાની આજ્ઞા કરી.

સ્વામીએ કહ્યું, “બાપા, મને તો વાતો સાંભળતા આવડે, કરતા નથી આવડતું. મેં ક્યારેય વાતો નથી કરી. માટે બાપા, રાજી રહો.”

બાપાશ્રીએ કંઠમાં હાર પહેરેલો. તે કાઢીને સ્વામીના કંઠમાં પહેરાવ્યો ને કહ્યું, “હવે વાતું કરો.”

અને સ્વામીના બોલનારા મહારાજ બન્યા. જેમ ગંગાનો પ્રવાહ વહે તેમ સ્વામીની વાક્‌ધારા છૂટી તે ત્રણ કલાક સુધી સ્વામીએ મૂર્તિ ધારી ખૂબ ભારે વાતો કરી. બધા બહુ રાજી થયા અને સૌએ સ્વામીને કહ્યું, “સ્વામી, અમને તો ખબર જ ન પડવા દીધી કે તમે આવી સરસ વાતું કરો છો ?” ત્યારે સ્વામીએ સૌને દિવ્યભાવે કહ્યું, “એ તો બાપાનો પ્રતાપ છે, ભાઈસા’બ. બાકી મને શું આવડે ?”

પછી તો અઢાર દિવસ સંતો રોકાયા. તે અઢારેય દિવસ સ્વામી બે બે કલાક ખૂબ વાતું કરતા. જે દિવસે નીકળવાના થયા ત્યારે બાપાશ્રીએ કહ્યું, “સ્વામી, હવે ધ્યાન કરજો...” સ્વામીએ કહ્યું, “બાપા, ધ્યાન કરતા તો મને નથી ફાવતું.”

“સ્વામી, વાતો કરતા ફાવતું’તું... ? આવડી ગઈ કે નહીં ? એમ વિશ્વાસ રાખી મહારાજની મૂર્તિ ધારો... ધ્યાન કરો... ફાવી જશે.”

ધોળકા જઈ સ્વામી બાપાશ્રીના વચને ધ્યાન કરવા બેઠા ને મૂર્તિમાં પેઠા...

અખંડ મૂર્તિ સાથે એકતા થઈ ગઈ.

બસ, મૂર્તિ આપી દીધી. સહજમાં સાક્ષાત્કાર કરાવી દીધો.

## મૂળીના કરુણાનંદ બ્રહ્મચારી

મૂળીના કરુણાનંદ બ્રહ્મચારી બહુ મોટા ગણાતા. નંદપંક્તિના કહેવાય. મહારાજના મળેલા હતા અને તેનું મનમાં ગૌરવ. તેથી મૂળીના અન્ય સંતો શ્રી ધર્મકિશોરદાસજી સ્વામી, શ્રી શ્વેતવૈકુંઠદાસજી સ્વામી, શ્રી ભગવત્‌સ્વરૂપદાસજી સ્વામી, શ્રી દેવજીવનદાસજી સ્વામી, શ્રી ગોપીવલ્લભદાસજી સ્વામી, શ્રી ગુણાતીતદાસજી સ્વામી વગેરે દર વર્ષે બાપાશ્રીનો સમાગમ કરવા આવતા તેમને તેઓ વઢતા, ખૂબ ધખતા અને કહેતા, ‘‘આવા હરિનારાયણદાસજી જેવા અને અમારા જેવા મોટેરા સંતોને મૂકીને ત્યાં કચ્છમાં શું છે તે તમે એ ગૃહસ્થનો સમાગમ કરવા જાવ છો ?’’

સંતો મોટેરા સંત જાણી તેમની આમન્યા રાખતા અને સાંભળી રહેતા પણ તેઓ બાપાશ્રીના સમાગમનું જે સુખ આવ્યું હોય તેને મૂકી ન શકતા.

એક વખત સંતોએ ધીમે રહી કહ્યું, ‘‘બ્રહ્મચારી મહારાજ, આપ મોટેરા છો એટલે જે કહેતા હશો એ બરાબર છે. કદાચ અમો કચ્છમાં જઈએ છીએ એમાં અમારી કંઈ ભૂલ પણ હોય. તો આપ એક વખત અમારી સાથે આવી બાપાશ્રીની કસોટી કરી જુઓ. જો તમે માન્ય કરો તો અમે બીજી વખત જઈશું; નહિ તો જવાનું બંધ.’’ બ્રહ્મચારી મહારાજને આ વાત બરાબર લાગી. તેઓ તો બાપાશ્રીની કસોટી કરવા આવ્યા વૃષપુર.

સંવત ૧૯૭૧ની સાલ. બાપાશ્રીએ યજ્ઞ આરંભેલો. તેઓ રાત્રે મોડા પહોંચ્યા. રાત્રે તેમને બાપાશ્રીનાં દર્શન ન થયાં. થાકેલા બ્રહ્મચારી તથા સંતો પોઢી ગયા.

અરે... અરે... ત્યાં તો આ કરુણાનંદ બ્રહ્મચારીને આખી રાત શ્રીજીમહારાજનાં તેજ તેજના અંબારમાં તેજોમય દર્શન થયાં. એટલું જ નહિ, પણ સાથે એવા જ તેજોમય બાપાશ્રીનાં દર્શન પણ તેમને થયાં. સવાર પડી ત્યાં તેમને શાંતિ શાંતિ થઈ ગઈ હતી. સાધુ થયા પછી તેમને મહારાજની સાથે રહેવા છતાં કદી આવાં તેજોમય દર્શન થયાં નહોતાં. એમના અંતરમાં કદી આવી શાંતિ થઈ નહોતી. એવી આજે એમને અનુભૂતિ થઈ હતી. જેમ મીઠાની કોથળી સમુદ્રનો તાગ લેવા જતા ઓગળી

જાય તેમ તે ઓગળી ગયા કહેતાં બાપાશ્રીની કૃપાથી નિર્મળ થઈ ગયા.

સવારે બાપાશ્રી પધાર્યા અને સભામાં આવી બિરાજ્યા. તે સમયે બ્રહ્મચારીએ દંડવત કરી બાપાશ્રીના ખોળામાં માથું મૂકી, ગદ્‌ગદભાવે પ્રાર્થના કરી, ‘‘બાપા… બાપા… મેં તમને ઓળખ્યા નહોતા. અહોહો… તમે આવા છો ! મારું પૂરું કરો…’’

બાપાશ્રીએ માથે હાથ મૂક્યો ને આશીર્વાદ આપ્યા, ‘‘જાવ, તમારું પૂરું, પૂરું ને પૂરું…’’ અને ત્યારથી બ્રહ્મચારીને અખંડ મૂર્તિ દેખાવા માંડી. આમ, બાપાશ્રીએ બ્રહ્મચારીને ન્યાલ કરી દીધા.

## માથકના કલ્યાણસંગજીભાઈ

માથકના કલ્યાણસંગજીભાઈ ખૂબ વૈરાગ્યવાળા હતા, જ્ઞાની હતા અને ધ્યાની પણ હતા. રોજ આઠ-દસ કલાક ધ્યાન કરતા પણ મૂર્તિનું સુખ ન આવતું.

એક વખત રામપુર વેકરાના મુક્ત શ્રી ધનબાની પારાયણ હતી. બાપાશ્રીનો ઉતારો વેકરા મંદિરમાં હતો. સવારે બાપાશ્રી નીકળ્યા ત્યારે આ કલ્યાણસંગજીભાઈ ખૂણામાં બેસી ધ્યાન કરતા હતા. ત્યારે એક હરિભક્તે બાપાશ્રીને કહ્યું, ‘‘બાપા ! માથકના કલ્યાણસંગજી ધ્યાની છે. મૂર્તિ મેળવવાનો ખપ ને ખટકો ઘણો છે. ને આપ એમના પર કૃપાદૃષ્ટિ કરો તો એમના સાધનની સમાપ્તિ થાય.’’ બાપાશ્રી તેમની પાસે ગયા. તેમને ધ્યાનમાંથી ઉઠાડી બાપાશ્રીએ કહ્યું, ‘‘કલ્યાણસંગજીભાઈ, આ ખૂણામાં બેસી કોને શોધો છો ? જેને તમે શોધો છો એને અમે પ્રત્યક્ષ આ સભામાં દેખીએ છીએ અને તમારેય જોવા હોય તો આવજો કાલે સવારે.’’


નજીકની સાવ ટૂંકી મુદત પડી જાણી કલ્યાણસંગજીભાઈને આનંદ થયો. સવારે વહેલા પરવારી બાપાશ્રી પાસે ગયા. બાપાશ્રી તેમને હાથ ઝાલી મંદિરમાં લઈ ગયા ને સિંહાસન આગળ લઈ જઈ મહારાજની મૂર્તિ સામું આંગળી કરી કહ્યું, ‘‘કલ્યાણસંગજીભાઈ, આ કોણ છે ?’’ જ્યાં બાપાશ્રીએ ‘કોણ છે…’ એમ પૂછ્યું ત્યાં જ તેમનો પ્રતિમાભાવનો પડદો તૂટી ગયો. ‘‘આહાહા… આહાહા…’’ શ્રીજીમહારાજનાં તેજોમય દર્શન તેમને થવા માંડ્યાં. વળી, તેમને તેજ તેજના અંબારમાં મહારાજનાં દર્શનની સાથે બાપાશ્રીનાં પણ દર્શન થયાં.

ત્યારથી તેઓને તેજોમય અખંડ મૂર્તિ દેખાવા માંડી. બાપાશ્રીએ સહજમાં તેમના સાધનની સમાપ્તિ કરાવી દીધી અને તેમને મૂર્તિસુખની પ્રાપ્તિ કરાવી દીધી.

## ૧૪. બાપાશ્રીએ સમજાવેલા દ્વંદ્વ :

(૧) કાર્ય – કારણ
(૨) કાર્ય સત્સંગ – કારણ સત્સંગ
(૩) અવરભાવ – પરભાવ
(૪) સનાતન ભગવાન – આધુનિક ભગવાન
(૫) અન્વય સ્વરૂપ – વ્યતિરેક સ્વરૂપ
(૬) પરોક્ષભાવ – પ્રત્યક્ષભાવ
(૭) સકામ ભક્ત – નિષ્કામ ભક્ત
(૮) નાસ્તિકભાવ – આસ્તિકભાવ
(૯) સંત – અસંત
(૧૦) ભક્ત – અભક્ત
(૧૧) દેહભાવ – મૂર્તિભાવ
(૧૨) મનુષ્યભાવ – દિવ્યભાવ
(૧૩) મહારાજ – મુક્ત
(૧૪) ક્રિયાસાધ્ય – કૃપાસાધ્ય
(૧૫) અવતાર – અવતારી
(૧૬) પરોક્ષાર્થ – પ્રત્યક્ષાર્થ
(૧૭) અનુલોમ – પ્રતિલોમ
(૧૮) જ્ઞાન – ધ્યાન
(૧૯) અંતર્વૃત્તિ – બહારવૃત્તિ
(૨૦) કૃતાર્થપણું – અકૃતાર્થપણું
(૨૧) એકદેશી પુરુષોત્તમરૂપ – સર્વદેશી પુરુષોત્તમરૂપ
(૨૨) સાધનદશા – સિદ્ધદશા
(૨૩) જ્ઞાની – અજ્ઞાની
(૨૪) સંગ – પ્રસંગ
(૨૫) દેહ – આત્મા
(૨૬) દેહરૂપ – બ્રહ્મરૂપ – પુરુષોત્તમરૂપ

નોંધ : આ તમામ દ્વંદ્વોનું વિગતવાર વિવરણ **SMVS** સંસ્થા દ્વારા પ્રકાશિત થયેલ ‘શ્રીજીસંકલ્પમૂર્તિ જીવનપ્રાણ અબજીબાપાશ્રી’ પુસ્તકમાં છે. તેનો અભ્યાસ કરવો.



સંસ્થાપક
વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી



વ્હાલા
પ.પૂ. સ્વામીશ્રી

## સંસ્થાપક ગુરુવર્ય પ.પૂ. બાપજી

"સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં." – આ સૂત્રને જીવનપર્યંત ધારણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા અને ઉપાસના-મહિમાનો સર્વજનના હિતમાં પ્રચાર કરનાર ગુરુવર્ય પ.પૂ. બાપજી એક સિદ્ધાંતવાદી સત્પુરુષ છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનું સિદ્ધાંતવાદી જીવન, નિર્દંભ સાધુતા, ધર્મ-નિયમની અણીશુદ્ધતા, નિર્માનીપણું ને નિર્દોષભાવથી ભરેલું પારદર્શક જીવન, પોતાની અહમ્શૂન્યતા ને શ્રીજીનું જ કર્તાપણું આદિ ગુણોએ લાખોના જીવનમાં પ્રેરણાના પીયૂષ પાયાં છે. જેના પગલે પગલે સર્જાયો છે લાખો સંતો-હરિભક્તોનો અણીશુદ્ધ સમુદાય. આવા દિવ્ય સત્પુરુષના સંબંધમાં આવનાર હરેક વ્યક્તિના જીવનમાં જીવનપરિવર્તનનાં દીવડાં પ્રકાશ્યાં છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનું દિવ્ય અને વિરલ વ્યક્તિત્વ એવું અનોખું છે કે જેમના સાંનિધ્યમાં ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની યથાર્થ ઓળખાણ અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય છે. મનને શાંતિનો અનુભવ થાય છે. આંતર પવિત્રતા પ્રગટે છે.

પંચમહાલના ડુંગરાઓમાં વસતા ગરીબ, દલિત, પછાત ને અંધશ્રદ્ધામાં અટવાયેલાઓના બેલી બની તેમના જીવનમાં તેઓએ પ્રકાશ પાથર્યો છે ને તેમના અંધકારમય જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું છે. ૮૫ વર્ષની ઉંમરે પણ અસંખ્ય ગામડાંઓમાં વિચરણ તથા હજારો ભક્તોનાં ઘરોની વ્યક્તિગત મુલાકાત લીધી હોવા છતાં તેઓએ અવિરત વિચરણ કર્યું છે. તેમના આ વિચરણથી સર્વત્ર અનોખી આધ્યાત્મિક સુવાસ ફેલાઈ રહી છે.

દેશ-સમાજમાં આધ્યાત્મિક ઉન્નતિનું કાર્ય હોય કે પછી સમાજસેવા કરવાનું ભગીરથ કાર્ય હોય તેમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીની નિરંતર પ્રેરણા મળતી રહી છે. તેઓની પ્રેરણાથી જ દેશ-સમાજની આધ્યાત્મિક ઉન્નતિ માટે એસ.એમ.વી.એસ. સંસ્થાના સંતો-કાર્યકરો અવિરત વિચરણ કરી જીવનપરિવર્તન માટેનો દિવ્ય સંદેશ જન જન સુધી પહોંચાડી રહ્યા છે. વળી, શૈક્ષણિક સેવાઓ, તબીબી સેવાઓ, ભૂકંપપીડિતોને સહાય તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યની સેવાઓ તેમજ રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા આવતા રચનાત્મક આયોજનો જેવાં કે 'વાંચે ગુજરાત' તથા 'સ્વચ્છતા અભિયાન' આદિ આયોજનો પણ સંસ્થા દ્વારા ગુરુવર્ય પ.પૂ. બાપજીની પ્રેરણાથી ચાલી રહ્યાં છે.

એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા થતાં તમામ સેવાકાર્યોનું શ્રેય ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણે સમર્પિત છે.

જેમના રૂંવાડે રૂંવાડે શ્રીજીમહારાજનું કર્તાપણું છે એવા દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીની દિવ્ય પ્રેરણાથી જ સંસ્થા અવિરત મહાપ્રભુના સંકલ્પો સાકાર કરી રહી છે અને ગુરુવર્ય પ.પૂ. બાપજીની આજ્ઞાથી વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી (પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી) સંસ્થાનું નેતૃત્વ સંભાળી રહ્યા છે.

શ્રીજીસંકલ્પ અનુસાર જીવનપ્રાણ બાપાશ્રીનું પ્રાગટ્ય થયું.
શ્રીજીમહારાજના સંકલ્પે ત્યાગી અને ગૃહસ્થ બંને વર્ગને સુખ
આપવા માટે બાપાશ્રીએ અવરભાવમાં ગૃહસ્થાશ્રમમાં દર્શન આપ્યાં
એવું જણાયું. પરંતુ તેઓ તો સંપૂર્ણ પરભાવનું જ સ્વરૂપ હતા.
તેઓ તો નિરંતર મૂર્તિમાં જ રહેતા હતા. એટલે જ તેઓ કહેતા કે,
“અમે કોઈના બાપ નથી કે કોઈનાં સગાં નથી.
અમે તો મહાપ્રભુના લાડીલા અનાદિમુક્ત છીએ.
અને નિરંતર મૂર્તિમાં રહીએ છીએ.”
આવા મહાપ્રતાપી જીવનપ્રાણ અબજીબાપાશ્રીનું સંપૂર્ણ
જીવન દિવ્ય કલ્યાણકારી ગુણોથી ઝળહળતું હતું.
તેમના અવરભાવના જીવનનું દર્શન તથા તેમનામાં કેવા
કલ્યાણકારી ગુણો હતા આદિ ઘણી બધી મહત્ત્વની વિગતોને
આ પુસ્તિકામાં સંક્ષિપ્ત રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કરેલ છે.

SMVS

**સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ**
**સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર.**
**ફોન : (૦૭૯) ૨૩૨૧૩૦૫૨, ૫૩ ● Email : ssd@in.smvs.org**